# જ્ઞાતિ સેતુ

## એકમેકને ઓળખવાનો સેતુ


**વર્ષ-૧ ● અંક-૩**
**જાન્યુઆરી-૨૦૦૬**

☆

**તંત્રી મંડળ**
હંસરાજ ઠાકરશી કંસારા
(મુખ્ય તંત્રી)
અતુલ સોની
પ્રશાંત બીજલાની

☆

**વ્યવસ્થાપક સમિતિ**
શૈલેષ કંસારા
સૂર્યકાંત સોની
તુલસીદાસ કંસારા
જયમીન જે. સોની

☆

**કાર્યાલય**
શ્રી હંસરાજ ઠાકરશી કંસારા
એ/૧/૧/૪, સમૃદ્ધિ ફ્લેટ્સ,
રામેશ્વરમ્ એપાર્ટમેન્ટ્સ,
રામદેવનગર, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦

☆

**મૂલ્ય : રૂા. ૨૦/-**
**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**


'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી....

સેતુનો આ અનેરો અંક આપની સમક્ષ પ્રસ્તુત કરતાં હર્ષ થાય છે. અંક અનેરો એટલા માટે છે કે આ વખતે ઐતિહાસિક મહત્ત્વની વિગતો સમાવવાની તક મળી છે અને એટલે જ કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના શિરમોર સમા ભુજ નગરની આપણી જ્ઞાતિના મંદિરના નવ-નિર્માણની વિગતો પ્રમુખ સ્થાને હોતાં - અંકને ''મંદિર વિશેષાંક''નું બિરૂદ આપ્યું છે. આપણી ભુજ જ્ઞાતિના ઇતિહાસનું સુવર્ણ પૃષ્ઠ આવતા માસે તા. ૧૨ ફેબ્રુઆરથી ૧૬ ફેબ્રુઆરી દરમ્યાન રચાશે. મંદિરોમાં મૂર્તિઓનું પુનઃસ્થાપન થશે અને નવા મંદિરોમાં શિવ પરિવાર તથા સરસ્વતી દેવી આદિ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા થશે. ભુજ જ્ઞાતિના શ્રેષ્ઠીઓ તેમજ સમાજ સર્વે સભ્યોએ યત્કીંચિત ફાળો આપી ૨૫-૩૦ લાખનું ભંડોળ ઊભું કરી સમાજની સામૂહિક શક્તિની પ્રતીતિ કરાવી છે. ''સેતુ'' ભુજ જ્ઞાતિ સમસ્તને હાર્દિક અભિનંદન આપે છે તેમજ આપણા સર્વે ભાઈઓ જ્યાં પણ વસતા હોય ત્યાં સંભવ હોય તો આ અજોડ મહોત્સવ માણે અને સમૂહ આરાધનાનો આનંદ માણે.

ભુજ જ્ઞાતિનો આ વર્ષે આયોજીત સમૂહ લગ્ન ઉત્સવ પણ ઐતિહાસિક મહત્ત્વનો બની રહ્યો. કારણકે જ્ઞાતિના સુજ્ઞ વડીલોએ આ ઉત્સવના આયોજનની સંપૂર્ણ જવાબદારી 'નવલોહીયા' યુવાનોને સોંપી દીધી. અને એ યુવાનોએ 'બાપ કરતાં બેટા સવાયા'ની ઉક્તિને યથાર્થ કરી ભવ્ય અને સુંદર આયોજન કરી સહુની પ્રશંસા મેળવી. ભુજના વડીલોએ એમના ઉચ્ચત્તમ 'નેતૃત્વ'ની એટલે કે નેતાઓ તૈયાર કરવાની, નવી પેઢીને તક આપી, જ્ઞાતિ કાર્યોમાં રસ લેતા કરવાની આગવી જવાબદારી બખૂબી નિભાવી. વડીલોને એમની દીર્ઘદૃષ્ટિ અને યુવાનોને એમની દક્ષતા માટે 'સેતુ' એ સહુને બિરદાવવાની તક ઝડપી લ્યે છે.

અમદાવાદ જ્ઞાતિ પણ સાચું જોતાં જરા પણ પાછળ નથી રહી. આ નાનકડા સમૂહે શહેરી જીવનની બધી જ મુશ્કેલીઓ છતાં અને જ્ઞાતિ મંડળ હજી પા પા પગલી માંડતું હોવા છતાં હરણફાળ ભરી સાહસિક કદમો ઉઠાવ્યા છે. અહીં ખાસ પ્રવૃત્તિઓમાં સ્વાસ્થ્ય સુરક્ષા યોજનાનો પ્રારંભ; પ્રત્યેક પરિવારે રોજના એક રૂપિયા લેખે ભંડોળ ઊભું કરવા માટે પ્રતિકાત્મક બચતપેટી દરેક ઘરે મૂકવાનું કાર્ય, જ્ઞાતિ વડીલોની નવ-વર્ષમાં પ્રત્યેક પરિવારની વ્યક્તિગત મુલાકાત વિશેષ ઉલ્લેખનીય છે. આ વર્ષે નૂતન વર્ષ સ્નેહ મિલનનું સંપૂર્ણ આયોજન યુવા વર્ગે કરી સહુની વાહવાહ અને આશિર્વાદ મેળવ્યા અને અમદાવાદ જેવી આધુનિક 'સંસ્કૃતિ' વચ્ચે પણ આપણી પરંપરાગત "Kinship feeling"ને પુષ્ટ કરી. સ્વાસ્થ્ય સુરક્ષાના પ્રારૂપની વિગતો માનદ્ મંત્રીના લેખમાં વિગતે આપવામાં આવી છે.

આપણી ભુજ જ્ઞાતિ - જનસંખ્યાની નજરે તો સૌથી મોટી છે જ સાથે સાથે સમાજ સુધારણાના કાર્યોમાં પણ હંમેશા આગળ જ રહેલી છે. ભુજ જ્ઞાતિનાં શ્રેષ્ઠીઓ શ્રી વેલજી આણંદજી અને શ્રી પ્રભુદાસ ખેતશીભાઈની પ્રેરણા તેમજ યુવા નેતા ચંદુભાઈ વેલજી આણંદજીના કુશળ આયોજનથી ભુજ જ્ઞાતિના કેળવણી વિષયક "initiatives" ખરેખર પ્રેરણાજનક છે. જેનું અનુકરણ અથવા 'સંધાન અન્ય શહેરો (અમદાવાદ સહિત બધા)એ કરવા જેવું છે.

ટુંકમાં આ અને આવી નાની પરંતુ મહત્ત્વની બાબતો જ ભાવિ ઇતિહાસની રચના કરે છે અને તેથી જ આપણી જ્ઞાતિએ છેલ્લા પચાસ વર્ષમાં ઘણી જ પ્રગતિ કરી છે.... અસ્તુ.

*— હંસરાજ કંસારા*

**મુખપૃષ્ઠ ડિઝાઇન - શૈલેષ કંસારા ● મુખપૃષ્ઠ તસવીર ભુજના નવનિર્મિત જ્ઞાતિ મંદિરની છે.**

શ્રી મહંકંલીકંય નમઃ

# મંદિર નવપ્રસ્થાન નિમિત્તે
# સર્વે જ્ઞાતિજનોને
# શુભેચ્છા.....

# શ્રી મારૂ કંસારા સોની
# જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

કંસારા બજાર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

# "ધરતીનો છેડો ઘર, શ્રધ્ધા-શાંતિનો છેડો મંદિર"

કુ. એકતા કટ્ટા - અંજાર

"ધરતીનો છેડો ઘર, શ્રધ્ધા-શાંતિનો છેડો મંદિર". માણસ માત્રની વિશ્રાંતિ - વિસામાનું કેન્દ્ર એટલે 'ઘર'. 'ઘર'નો કોઇ વિકલ્પ નથી. તેવીજ રીતે માણસ માત્રની શ્રધ્ધા - શાંતિનું કેન્દ્ર એટલે મંદિર. મંદિરનો પણ કોઈ વિકલ્પ નથી. માણસમાત્ર માટે 'મંદિર' 'ઘર' જેટલું જ સર્વપરિચિત અને સાર્વભૌમિક છે. કદાચ એટલે જ નાનપણમાં આપણને 'મંદિર તારૂં વિશ્વ રૂપાળું....' કવિતા શીખવવામાં આવતી હશે. એક બાળક માટે આ વિશ્વ, આ દુનિયા એક મોટું આશ્ચર્ય હોય છે. અને મંદિર પૂર્ણ પરિચિત અને મહત્ત્વનું, ગમતું સ્થાન હોય છે. તેથી મંદિરને 'વિશ્વ મંદિર'ની ઉપમા આપવામાં આવી હશે.



આ વિશ્વમાં એવો એક પણ માણસ નહીં હોય કે જેણે મંદિરના દર્શન ન કર્યા હોય. અલગ અલગ રાષ્ટ્રોમાં, અલગ અલગ ધર્મોમાં, અલગ અલગ ભાષાઓમાં મંદિરનું અસ્તિત્વ બહુ મોટું અને પ્રાચીન છે. હિંદુઓ માટે 'મંદિર' 'મંદિર' છે, તો મુસ્લિમો માટે 'મસ્જીદ' મંદિર છે. ખ્રિસ્તીઓનું મંદિર 'ચર્ચ' છે તો પારસીઓ માટે 'અગિયારી' તેમનું મંદિર છે. આમ વિવિધ રાષ્ટ્ર, વિવિધ ધર્મ, વિવિધ ભાષાઓમાં મંદિરનું મહત્ત્વ કેન્દ્રસ્થાને જ રહ્યું છે.




મંદિર આપણી આસ્થા, આપણા ઈશ્વર ઉપરનાં વિશ્વાસનું પ્રતીક છે. માનવ જીવનમાં ડગલે ને પગલે આવનાર અવરોધો સામે વિજય મેળવવા મંદિરનું મહત્ત્વનું યોગદાન છે. જોમ અને જુસ્સાથી ભરેલ એક યુવાન, જીવનમાં આવનાર પડકાર સામે આસક્ત બને છે ત્યારે આ મંદિરના ઊંબરે આવી શક્તિ માંગે છે. એક વૃધ્ધ પોતાની તમામ સાંસારિક ફરજોમાંથી નિવૃત્ત થઈ પોતાનો વધારેને વધારે સમય આ મંદિરમાં જ વિતાવે છે. એક બાળક જ્યારે સવારના પહોરમાં માં ને કામ કરવામાં અડચણો ઊભી કરે છે ત્યારે તેને દાદા કે દાદીની આંગળીએ વળગાડી તેને મંદિર લઈ જવાનું કહે છે, જેથી તે ઘરનાં કામો સરળતાથી આટોપી શકે.

આમ, મંદિર આપણા જીવનથી મહત્ત્વપૂર્ણરૂપે જોડાયેલું છે. પ્રત્યેક માનવ જીવન, તે પછી બાળકનું હોય કે યુવક-યુવતીનું, સ્ત્રી-પુરૂષનું હોય કે વૃધ્ધનું, દરેકના જીવનમાં મંદિર હોય જ છે.

આપણી ભુજ જ્ઞાતિનું પ્રાચીન, વિશાળ અને વિવિધ ઈષ્ટદેવોનાં મંદિરોનું સંયુક્ત મંદિર પરિસર, આપણા તમામ જ્ઞાતિજનો માટે શ્રધ્ધા અને શાંતિનું કેન્દ્રબિંદુ રહ્યું છે. વારે-તહેવારે, વિવિધ ધાર્મિક પ્રસંગોએ આપણા જ્ઞાતિજનો હંમેશા આ મંદિર પરિસરમાં મળતા રહ્યા છે. આપણું આ જ્ઞાતિ મંદિર પરિસર અન્ય મંદિરોથી વિશિષ્ટ છે કારણકે અહીં વિવિધ ઈષ્ટદેવોનાં નાના મંદિરોનું સંયુક્તપણે એક વિશાળ મંદિર પરિસરમાં નિર્માણ કરવામાં આવ્યું છે, જે અન્ય કોઈ પણ મંદિરમાં જોવા નથી મળતું.

કચ્છમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧માં કાળરૂપી ભૂકંપે તબાહી મચાવી ત્યારે આપણું આ જ્ઞાતિ મંદિર પરિસર પણ ધ્વસ્ત થયું. સમયના પ્રવાહ સાથે બધું જ નવ-નિર્માણ પામતું ગયું છે, ત્યારે આપણા સર્વે જ્ઞાતિજનોની અગ્રીમ મહેચ્છા, આપણા વિશિષ્ટ જ્ઞાતિ મંદિર પરિસરની પણ ભવ્ય નવનિર્મિત થાય તે રહી છે અને આ શુભ મહેચ્છાના પરિણામસ્વરૂપ આપણું આ વિશિષ્ટ જ્ઞાતિ મંદિર પરિસર, આપણી શુભ અને સુંદર મહેચ્છા જેવું જ સુંદર આકાર લઈ રહ્યુ છે. આપણી આ શુભ મહેચ્છા કેવી રીતે સાકાર થઈ રહી છે તેનો વિગતે અત્રે ઉલ્લેખ રજૂ કર્યો છે.

- **જ્ઞાતિ મંદિર પરિસરમાં વિવિધ દેવો - મંદિરોનાં નિર્માણનો નિર્ણય :**



અત્રે એ સર્વવિદિત છેકે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજનાં જ્ઞાતિ મંદિર પરિસરમાં જ્ઞાતિના કુળદેવી શ્રી મહાકાલીકા માતાજી, શ્રી ગણપતિજી, શ્રી સત્યનારાયણ દેવ, શ્રી સૂર્યનારાયણ દેવ, શ્રી વાઘેશ્વરી માતાજી, શ્રી જાગનાથ મહાદેવ, શ્રી ઠાકર મંદિર, શ્રી ગાયત્રી માતાજીના મંદિર આવેલા હતા.

મંદિર પુનઃ નિર્માણ કાર્યના પ્રારંભે, પ્રથમ જ એ જટીલ પ્રશ્ન ઊભો થયો કે મંદિરનું પુનઃ નિર્માણનું કાર્યક્ષેત્ર કેટલું વિસ્તૃત કરવું તથા કેટલું સીમિત રાખવું? જે બાબતે જ્ઞાતિ કારોબારી દ્વારા જ્ઞાતિજનોનાં મંતવ્યો લેવામાં આવ્યા અને સૌ જ્ઞાતિ કારોબારીએ ઉપરોક્ત બધા જ મંદિરો ઉપરાંતમાં શ્રી સરસ્વતી દેવીના મંદિરની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે.

નિર્માણ કાર્ય અને તેના ખર્ચ માટે મળતાં આર્થિક સહયોગના આધારે ક્રમશઃ આ મંદિર પુનઃ નિર્માણ કાર્ય કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેનો અગ્રતાક્રમ નીચે મુજબનો હતો :

૧. શ્રી મહાકાલીકા માતાજીનું મંદિર
૨. શ્રી મહાદેવ મંદિર
૩. શ્રી ઠાકર મંદિર સહ શ્રી ગાયત્રી તથા શ્રી સરસ્વતી મંદિર.

ઉપરોક્ત મંદિરમાં શ્રી મહાકાલીકા માતાજીની, શ્રી ગણપતિજીની, શ્રી ઠાકોરજીની, શ્રી ગાયત્રી માતાજીની મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠા તથા શ્રી સત્યનારાયણ દેવની, શ્રી સૂર્ય નારાયણ દેવની, શ્રી જાગનાથ મહાદેવ તથા તેમના પરિવાર .... આ બધા દેવોની નૂતન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અને શ્રી સરસ્વતી માતાજીની નૂતન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

- **મંદિર પુનઃનિર્માણ સમિતિનું ગઠન અને મંદિર પુનઃનિર્માણ માટેનું સ્થળ :**

આ બાબત સર્વવિદિત છે કે ભુજ પુનર્વસન કાર્ય માટે વિભિન્ન વિસ્તારોનાં પ્લોટની ફાળવણી, ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ - "ભાડા" દ્વારા કરવામાં આવી હતી. જેમાં અનેક પ્લોટ તેની મૂળ જગ્યાએથી દૂર અથવા નજીક ફાળવવામાં આવ્યા હતા. જ્ઞાતિ મંદિર પરિસરનાં પુનઃ નિર્માણ માટેની જગ્યા કઈ હોવી જોઈએ? તે બાબતે નિર્ણય લેવાનું સૌથી મહત્ત્વનું કાર્ય હતું. જેના માટે જ્ઞાતિજનોના મંતવ્યો લેવામાં આવ્યા. જેમાં જ્ઞાતિ મંદિર પરિસરનું પુનઃ નિર્માણ મૂળ જગ્યાએ જ કરવામાં આવે તેવી મહેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. તેથી તા. ૨-૭-૨૦૦૪નાં રોજ જ્ઞાતિ કારોબારી મિટીંગમાં જ્ઞાતિ મંદિર પરિસર પુનઃ નિર્માણ કાર્ય માટે ચેરમેન તરીકે શ્રી સુનીલભાઈ માધવજી પોમલની નિયુક્તિ કર્યા બાદ શ્રી મહાકાલીકા માતાજી મંદિર તથા શ્રી ઠાકરજી મંદિરનાં વિસ્તરણ અને પુનઃ નિર્માણ માટે જમીન ખરીદવા અંગેના ઠરાવો પસાર કરવામાં આવ્યા.

તા. ૧૬-૯-૨૦૦૪ના રોજ શ્રી મહાકાલીકા માતાજી મંદિર માટે જ્ઞાતિજન શ્રી ચંદ્રકાંત લખમશી કટ્ટાનાં પ્લોટ બદલીના સહકારથી ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ - 'ભાડા' પાસેથી જમીનની ખરીદી અંગે હુકમ મેળવ્યો અને અંદાજે ૬૧ મીટરની જમીનની ખરીદી, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા અંદાજે ૩ લાખ રૂપિયામાં કરવામાં આવી.

આ મહત્ત્વના પ્રશ્નનો નિકાલ થતાં આ કાર્યને આયોજનબધ્ધ કરવા, તેની રૂપરેખા તૈયાર કરવા જ્ઞાતિ કારોબારી તથા ચેરમેનશ્રી દ્વારા જ્ઞાતિની સામાન્ય સભામાં ઠરાવોની બહાલી તથા મંદિર પુનઃ નિર્માણ સમિતિ તથા વિવિધ પેટા સમિતિઓનું ગઠન તા. ૨૬-૯-૨૦૦૪ના રોજ કરવામાં આવ્યું. મંદિર પુનઃનિર્માણ સમિતિ તથા વિવિધ પેટા સમિતિમાં નીચે મુજબ જ્ઞાતિજનોએ પોતાનો મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યો છે.

- **મંદિર પુનઃ નિર્માણ સમિતિ :**

★ શ્રી સુનીલ માધવજી પોમલ - ચેરમેનશ્રી
★ શ્રી ચંદ્રકાંત જટુભાઈ ચનાણી - મંત્રી
★ શ્રી કિશોર દયારામ ચૌહાણ - ખજાનચી
★ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી- જ્ઞાતિ પ્રમુખ

*સભ્યો :*

★ શ્રી ઈન્દુલાલ હરીરામ સોલંકી
★ શ્રી પ્રદીપ જીવરામ બીજલાણી
★ શ્રી ચંદ્રકાંત શામજી બુધ્ધભટ્ટી
★ શ્રી હર્ષદ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી
★ શ્રી રાજેન્દ્ર વિશનજી બુધ્ધભટ્ટી
★ શ્રી ઈશ્વરલાલ વાલજી હેડાઉ

★ શ્રી નવીનચંદ્ર ઈન્દરજી હેડાઉ
★ શ્રી પ્રાણલાલ નરભેરામ સોલંકી
★ શ્રી પ્રદીપ મગનલાલ ચનાણી
★ શ્રી હર્ષદ જટુભાઈ ચનાણી
★ શ્રી ચંપકલાલ જીવરામ બીજલાણી
★ શ્રી દિલીપ કાનજી બગ્ગા
★ શ્રી બકુલ જેંતીલાલ ગુજરાતી
★ શ્રી અમૃતલાલ વાલજી બુધ્ધભટ્ટી
★ શ્રી કિરીટ દિનેશચંદ્ર વ્યાસ

મંદિર પુનઃનિર્માણ કાર્યને સરળતાથી પાર પાડવા, ઝડપી નિર્ણયો લેવા તેમજ કાર્ય વહેંચણી માટે ઉપરોક્ત મંદિર પુનઃનિર્માણ સમિતિ સભ્યો અને જ્ઞાતિ કારોબારી સભ્યોમાંથી નીચે મુજબની વિવિધ પેટા સમિતિઓની રચના કરવામાં આવેલ છે.

- **પ્લાન એસ્ટીમેટ તથા મંજૂરી સમિતિ**

★ શ્રી સુનીલ માધવજી પોમલ
★ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી
★ શ્રી નવીનચંદ્ર ઈન્દરજી હેડાઉ
★ શ્રી હર્ષદભાઈ જટુભાઈ ચનાણી
★ શ્રી દિલીપ કાનજી બગ્ગા
★ શ્રી બકુલ જેન્તીલાલ ગુજરાતી
★ શ્રી ચંદ્રકાંત શામજી બુધ્ધભટ્ટી

- **કાયદાકીય - નાણાંકીય સમિતિ**

★ શ્રી ઈન્દુલાલ હરીરામ સોલંકી
★ શ્રી ચંદ્રકાંત જટુભાઈ ચનાણી
★ શ્રી ઈશ્વરલાલ વાલજી હેડાઉ

- **ડોનેશન સમિતિ**

★ શ્રી સુનીલ માધવજી પોમલ
★ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી
★ શ્રી હર્ષદ ધનજી બુધ્ધભટ્ટી
★ શ્રી હર્ષદ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી
★ શ્રી ઈન્દુલાલ હરીરામ સોલંકી
★ શ્રી બિપીનચંદ્ર શિવજી બુધ્ધભટ્ટી
★ શ્રી હસમુખલાલ કેશવલાલ મૈચા
★ શ્રી દિલીપ કાનજી બગ્ગા
★ શ્રી અનિલ કેશવજી છત્રાળા
★ શ્રી બકુલ જેંતીલાલ ગુજરાતી
★ શ્રી નીતિન અમૃતલાલ હેડાઉ
★ શ્રી જેન્તીલાલ ઈન્દરજી હેડાઉ

- **ધાર્મિક કાર્યો અંગેની સમિતિ :**

★ શ્રી હર્ષદ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી
★ શ્રી કિરીટ દિનેશચંદ્ર વ્યાસ
★ શ્રી ચંપકલાલ જીવરામ બીજલાણી
★ શ્રી અમૃતલાલ વાલજી બુધ્ધભટ્ટી
★ શ્રી રાજેન્દ્ર વિશનજી બુધ્ધભટ્ટી
★ શ્રી પ્રદીપ જીવરામ બીજલાણી
★ શ્રી ભરત મૂળજી ચૌહાણ
★ શ્રી નીતિન અમૃતલાલ હેડાઉ
★ શ્રી કાંતિલાલ પરષોત્તમ બુધ્ધભટ્ટી

- **ખરીદ સમિતિ**

★ શ્રી સુનીલ માધવજી પોમલ
★ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી
★ શ્રી નવીનચંદ્ર ઈન્દરજી હેડાઉ
★ શ્રી દિલીપ કાનજી બગ્ગા
★ શ્રી હર્ષદ જટુભાઈ ચનાણી
★ શ્રી ચંદ્રકાંત શામજી બુધ્ધભટ્ટી
★ શ્રી બકુલ જેંતીલાલ ગુજરાતી
★ શ્રી પ્રદીપ જીવરામ બીજલાણી
★ શ્રી નીતિન અમૃતલાલ હેડાઉ
★ શ્રી હર્ષદ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી
★ શ્રી મુળજી નાનાલાલ કટ્ટા
★ શ્રી જેંતીલાલ મગનલાલ મૈચા

- **સ્થળ દેખરેખ સમિતિ**

★ શ્રી સતીષ ઈન્દરજી હેડાઉ
★ શ્રી રાજેન્દ્ર વિશનજી બુધ્ધભટ્ટી

આ ઉપરાંત શ્રી ઠાકર મંદિરના વિસ્તરણ માટે અંદાજે ૧૦૮ મીટરની જમીનની આવશ્યક્તા હતી, જે અંદાજે ૫ લાખ રૂપિયાની કિંમતની હતી. મંદિર પુનઃ નિર્માણ સમિતિના સુસંબધ્ધ આયોજનની ફળશ્રુતિરૂપે અંદાજે ૯૦ જ્ઞાતિજનો પાસેથી આ માટે આર્થિક સહયોગ મળ્યો હતો. અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે મંદિર પુનઃ નિર્માણ સમિતિની કાર્યનિપુણતા અને બુધ્ધિચાતુર્ય દ્વારા આ રકમનું બહુ જ નાની રકમમાં વિભાજન કરી, તેટલી રકમ કે જે કોઈપણ જ્ઞાતિજન દ્વારા આપી શકાય, આ જમીનની ખરીદી કરવામાં આવી હતી. મંદિર પુનઃ નિર્માણ સમિતિનાં આ નિર્ણય દ્વારા જ શ્રી ઠાકર મંદિરનાં પુનઃ નિર્માણ કાર્યમાં

અંદાજે ૯૦ જ્ઞાતિજનોએ "ભૂમિદાન" કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે. તા. ૧૦-૧૨-૨૦૦૪નાં રોજ શ્રી ઠાકર મંદિરનાં વિસ્તરણ અને પુનઃનિર્માણ માટે જમીન ખરીદવામાં આવી.

મંદિર પુનઃ નિર્માણ માટે દ્વિતીય ચરણરૂપે મંદિર માટેની જમીન ખરીદીનું કાર્ય મંદિર પુનઃ નિર્માણ સમિતિનાં કાર્ય કૌશલ્ય દ્વારા સુપેરે પાર પડ્યું જેમાં સમસ્ત જ્ઞાતિજનોનો પ્રસન્નતાપૂર્ણ અને ઉત્સાહપૂર્ણ સહયોગ તથા પ્લાન એસ્ટીમેટ તથા મંજુરી સમિતિ, કાયદાકીય - નાણાંકીય સમિતિએ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. મંદિર પુનઃનિર્માણ કાર્યનાં પ્રથમ અને દ્વિતીય ચરણની પૂર્ણાહૂતિમાં અંદાજે છ માસ જેટલો સમયગાળો લાગ્યો છે.

- **મંદિર પુનઃનિર્માણ કાર્યની રૂપરેખા :**

મંદિર પુનઃનિર્માણનું કાર્યક્ષેત્ર તથા કાર્ય માટે જમીન ખરીદવાનાં કાર્યની પૂર્ણાહૂતિ બાદ ત્રીજું મહત્ત્વનું કાર્ય, મંદિર પુનઃનિર્માણનો નકશો નિર્માણ કરવાનો, નકશો મંજૂર કરાવવો, એન્જિનીયર - આર્કિટેક્ટની નિયુકિત કરવી, બિલ્ડીંગ મટીરીયલ્સની ખરીદી કરવી, આયોજન મુજબ ટેન્ડરો મંગાવવા, ટેન્ડરો પાસ કરવા, બાંધકામ માટે કાયદાકીય મંજૂરી મેળવવી, વાસ્તુશાસ્ત્ર મુજબ દિશાઓ નક્કી કરવી એ મંદિર પુનઃ નિર્માણ કાર્યનું ત્રીજું ચરણ છે.

આ ત્રીજા ચરણને સુપેરે પાર પાડવા પ્લાન એસ્ટીમેટ તથા મંજૂરી સમિતિ, કાયદાકીય - નાણાંકીય સમિતિ, ખરીદી સમિતિનાં સભ્યોને અનુભવના આધારે જે તે કાર્ય સોંપવામાં આવ્યું. આ કાર્યો માટે જ્યાં જ્યાં આવશ્યક જણાયું ત્યાં ત્યાં સામાન્ય સભા દ્વારા જ્ઞાતિજનોના મંતવ્યો મેળવી, તે મુજબ કાર્યો કરવામાં આવ્યા.

મંદિર પુનઃનિર્માણ કાર્યના એન્જીનીયર તરીકે શ્રી આશિષ ક્ષત્રિય, સીટી એન્જીનીયર્સ - ભુજને નિયુક્ત કરવામાં આવ્યા.

મંદિર પુનઃનિર્માણ કાર્યનું બિલ્ડીંગ મટીરીયલ્સ ભુજ, માનકૂવા તથા માધાપરથી ખરીદવામાં આવ્યું છે. માર્બલની ખરીદી અંબાજીથી, ગ્રેનાઈટ અને યલો સ્ટોનની ખરીદી જેસલમેરથી કરવામાં આવી છે.

મંદિર પુનઃ નિર્માણ કાર્યમાં દિશાઓ નક્કી કરવા તથા અન્ય ધાર્મિક અને વાસ્તુશાસ્ત્રના નિયમોની બાબતો માટે જ્ઞાતિનાં પ.પૂ. ગોરબાપા શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ તથા જ્ઞાતિનાં પ.પૂ. બાવાજી શ્રી પ્રાણગિરીજી ગોસ્વામીનું માર્ગદર્શન મેળવવામાં આવ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ "ભાડા" દ્વારા અયોગ્ય પ્લોટ ફાળવણીના કારણે મંદિર પુનઃનિર્માણ કાર્યમાં આવશ્યક્તા અનુસાર દિશાઓમાં પરિવર્તન કરવામાં આવ્યું છે.

મંદિર પુનઃનિર્માણ કાર્ય સમિતિનું અહીં પણ કાર્ય કૌશલ્ય અને બુધ્ધિચાતુર્યનો પરિચય થયો છે. મંદિર પુનઃનિર્માણ કાર્ય માટે સંપૂર્ણ કાયદાકીય બાબતો સ્પષ્ટ છે તથા કાયદાકીય બાબતમાં કશીય બાંધછોડ કરવામાં આવી નથી. મંદિર પુનઃ નિર્માણ કાર્યનું બધું જ બાંધકામ કાર્ય ટેન્ડરો દ્વારા જ કરવામાં આવ્યું છે.

- **મંદિર પુનઃનિર્માણ કાર્યમાં આર્થિક સહયોગનું આયોજન :**

મંદિર પુનઃનિર્માણ કાર્યના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ચરણ તથા સંપૂર્ણ મંદિર પુનઃનિર્માણ કાર્યને સુપેરે પરિપૂર્ણ કરવા આર્થિક સહયોગના આયોજન બાબતે પણ મંદિર પુનઃનિર્માણ સમિતિનાં કાર્યકૌશલ્ય અને બુધ્ધિચાતુર્ય તથા નિષ્ઠાપૂર્ણ પ્રયત્નોને બિરદાવવાની હું મારી વ્યક્તિગત શુભેચ્છા - અભિનંદનને રોકી શકતી નથી.

મંદિર પુનઃનિર્માણ કાર્યનાં દ્વિતીય ચરણમાં આપણે જોયું કં મંદિર પુનઃનિર્માણ સમિતિએ જમીન ખરીદવા અંગે (શ્રી ઠાકર મંદિર માટે) જે નિર્ણય કર્યો તેના દ્વારા ૯૦ જ્ઞાતિજનોએ "ભૂમિદાન"નું સૌભાગ્ય પ્રાપ્ત થયું. વાસ્તવમાં આપણે જોવા જઈએ તો જમીન ખરીદીની અંદાજીત રકમ, જ્ઞાતિનાં બે-ત્રણ શ્રેષ્ઠીઓનાં યોગદાનથી જ પરિપૂર્ણ થઈ શકી હોત, પરંતુ તેની જગ્યાએ તે મોટી રકમને નાની રકમમાં વિભાજીત કરી સામાન્ય જ્ઞાતિજનનાં આર્થિક સહયોગ માટે પણ શક્ય બનાવી, તે બાબત અતિ અભિનંદનને પાત્ર છે. તો આ કાર્યના અંદાજીત ખર્ચને આયોજનબધ્ધ રીતે વિભાજીત કરી આ કાર્યની આર્થિક જરૂરિયાતોને સરળતાથી પરીપૂર્ણ કરવામાં આવી છે, જે નીચે મુજબ છે.

મંદિર પુનઃનિર્માણ કાર્યનો અંદાજીત ખર્ચ ૨૫થી ૩૦ લાખ રૂપિયા છે.

મંદિર પુનઃનિર્માણ કાર્યમાં આર્થિક સહયોગનાં આયોજન મુજબ આર્થિક સહયોગ આપવા ઈચ્છુક જ્ઞાતિજનો મંદિરમાં નામાંકિત તક્તીઓ મૂકાવી, આર્થિક સહયોગ આપી શકે તેવું આયોજન કરવામાં આવ્યું. જે તક્તીઓની રૂપરેખા નીચે મુજબ છે.

★ *શ્રી મહાકાલીકા માતાજી મંદિરમાં નામાંકિત તક્તી માટે : રૂા. ૫.૫૧ લાખ*

★ *શ્રી ઠાકર મંદિરમાં નામાંકિત તક્તી માટે : રૂા. ૨.૫૧ લાખ*

★ *શ્રી મહાદેવ મંદિરમાં નામાંકિત તક્તી માટે : રૂા. ૧.૫૧ લાખ*

★ *શ્રી સૂર્યનારાયણ મંદિરમાં નામાંકિત તક્તી માટે : રૂા. ૦.૫૧ લાખ*

મંદિર પુનઃનિર્માણ કાર્યમાં આર્થિક સહયોગનાં આયોજન મુજબ આર્થિક સહયોગ આપવા ઈચ્છુક જ્ઞાતિજનો,

મંદિર પુનઃનિર્માણ કાર્યના વિવિધ શુભ અવસરોનો આર્થિક સહયોગ આપી લાભ લઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યું. આ શુભ અવસરો નીચે મુજબ છે.

| | |
|---|---|
| *શ્રી મહાકાલીકા મંદિર પ્લોટનું ભૂમિપૂજન* | *રૂા. ૫૧,૦૦૦* |
| *શ્રી ઠાકર મંદિર પ્લોટનું ભૂમિપૂજન* | *રૂા. ૩૧,૦૦૦* |
| *શ્રી મહાકાલીકા મંદિરની પાયાવિધિ* | *રૂા. ૨૫,૦૦૦* |
| *શ્રી મહાદેવ મંદિરની પાયાવિધિ* | *રૂા. ૨૫,૦૦૦* |
| *શ્રી ઠાકર મંદિરની પાયાવિધિ* | *રૂા. ૨૫,૦૦૦* |
| *શ્રી સૂર્યનારાયણ મંદિરની પાયાવિધિ* | *રૂા. ૧૧,૦૦૦* |
| *શ્રી મહાકાલીકા મંદિર શિલારોપણ* | *રૂા. ૩૧,૦૦૦* |
| *શ્રી મહાદેવ મંદિર શિલારોપણ* | *રૂા. ૨૫,૦૦૦* |
| *શ્રી ઠાકર મંદિર શિલારોપણ* | *રૂા. ૨૫,૦૦૦* |
| *શ્રી ગણેશજીની મૂર્તિ પુનઃપ્રતિષ્ઠા* | *રૂા. ૨૧,૦૦૦* |
| *શ્રી ઠાકોરજીની મૂર્તિ પુનઃપ્રતિષ્ઠા* | *રૂા. ૩૧,૦૦૦* |
| *શ્રી ગાયત્રી માતાજીની મૂર્તિ પુનઃપ્રતિષ્ઠા* | *રૂા. ૨૧,૦૦૦* |
| *શ્રી સત્યનારાયણ દેવની નૂતન મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા* | *રૂા. ૨૫,૦૦૦* |
| *શ્રી સૂર્યનારાયણ દેવની નૂતન મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા* | *રૂા. ૨૫,૦૦૦* |
| *શ્રી જાગનાથ મહાદેવની નૂતન મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા* | *રૂા. ૨૫,૦૦૦* |
| *શ્રી શિખર પૂજન* | *રૂા. ૫૧,૦૦૦* |
| *શ્રી કળશ પૂજન* | *રૂા. ૩૧,૦૦૦* |
| *શ્રી શતચંડી યજ્ઞ માટે મુખ્ય યજમાન રૂા.* | *૧,૦૦,૦૦૦* |
| *શ્રી શતચંડી યજ્ઞ માટે અન્ય આઠ યજમાન* | *રૂા.૫૧,૦૦૦* |
| *શ્રી ધ્વજ પૂજન* | *રૂા. ૩૧,૦૦૦* |

ઉપરોક્ત નિયત કરેલા આર્થિક સહયોગનાં આયોજન ઉપરાંત કોઈપણ શ્રધ્ધેય અને ઉત્સાહી જ્ઞાતિજન યથાયોગ્ય આર્થિક સહયોગ, મંદિર પુનઃનિર્માણ સમિતિનાં કાર્યાલય તથા જ્ઞાતિ કાર્યાલય પર જ્ઞાતિ પ્રમુખ અને સમિતિનાં સભ્યો પાસે નોંધાવી અથવા આપી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. મંદિર પુનઃનિર્માણ કાર્ય માટે આર્થિક સહયોગના આયોજન અંતર્ગત ભુજ જ્ઞાતિના સભ્યો (લેણદારો) પાસેથી જ આર્થિક સહયોગ લેવા જવાનું પુનઃનિર્માણ સમિતિએ આયોજન કર્યું છે. તદુપરાંત ભુજ સિવાય અન્ય કોઈપણ શહેરના જ્ઞાતિજન આ કાર્યને આર્થિક સહયોગ આપવા ઈચ્છુક હોય તો તેણે સ્વયં જ્ઞાતિ કારોબારી તથા મંદિર પુનઃનિર્માણ સમિતિ સભ્યનો સંપર્ક સાધવો તેવું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનને સુપેરે પરીપૂર્ણ કરવા મંદિર પુનઃનિર્માણ સમિતિ તથા ડોનેશન સમિતિનાં સભ્યોએ ઉત્સાહપૂર્ણ કૌશલ્ય દાખવ્યું છે તેની ફળશ્રુતિરૂપે આ કાર્યની ૯૦% આર્થિક આવશ્યક્તા આ માહિતી લેખનાં લેખન સુધી પરિપૂર્ણ થઈ ચૂકી છે.

આ કાર્યના આર્થિક સહયોગ માટે આ માહિતી લેખના લેખન સુધી નામાંકિત તક્તી મૂકવા તથા વિવિધ શુભ અવસરો જેવા વિવિધ ભૂમિ પૂજન, પાયાવિધિ અને શિલારોપણનું નીચે લખેલ જ્ઞાતિ પરિવારોએ લાભ લીધો છે.

- ✦ શ્રી લખમશી ઉમરશી બુધ્ધભટ્ટી પરિવાર
- ✦ શ્રી શીવજી દેવકરણ બુધ્ધભટ્ટી પરિવાર
- ✦ શ્રી મણિલાલ જેરામ છત્રાળા
- ✦ શ્રી મદનકુમાર લખમશી બુધ્ધભટ્ટી
- ✦ શ્રી વિનોદ મગનલાલ ચનાણી
- ✦ શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી
- ✦ શ્રી ઝવેરીલાલ ખીમજી બુધ્ધભટ્ટી
- ✦ શ્રી ભાઈલાલ વેલજી પોમલ
- ✦ શ્રી મોતીલાલ દેવકરણ બુધ્ધભટ્ટી
- ✦ શ્રી શીવજી દેવકરણ બુધ્ધભટ્ટી
- ✦ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી
- ✦ શ્રી ઓધવજી રતનશી બારમેડા
- ✦ શ્રી નરશી માવજી હેડાઉ
- ✦ શ્રી બિપીન જટાશંકર બારમેડા
- ✦ શ્રી કાનજી માધવજી બુધ્ધભટ્ટી
- ✦ શ્રી નવીન પરષોત્તમ સાકરીયા
- ✦ શ્રી બિહારીલાલ દામજી બગ્ગા
- ✦ શ્રી પ્રેમજી ગોવિંદજી સોલંકી
- ✦ શ્રી ઝવેરલાલ માધવજી ગુજરાતી
- ✦ શ્રી શીવજી માધવજી બુધ્ધભટ્ટી
- ✦ શ્રી ઉમેશ જટાશંકર સોલંકી
- ✦ શ્રી નરેન્દ્ર પ્રેમજી બુધ્ધભટ્ટી
- ✦ શ્રી બિપીન મુળજી પરમાર
- ✦ શ્રી યોગેશ મણિલાલ છત્રાળા
- ✦ શ્રી મયુર કિશોરચંદ્ર ચનાણી

તદુપરાંત વિવિધ મૂર્તિ પ્રતિષ્ઠાના, વિવિધ પૂજનોના અને શતચંડી યજ્ઞનાં શુભ અવસરો માટે આર્થિક સહયોગ આપી, લાભ લેવા વહેલા તે પહેલાનાં ધોરણે નામ નોંધાવવું - તેવું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિવિધ અવસરો માટેનો

આર્થિક સહયોગ મંદિર પુનઃનિર્માણ કાર્યને અનુલક્ષીને તબક્કાવાર સ્વીકારવામાં આવશે તેવું આયોજન થયું છે.

- **મંદિર પુનઃનિર્માણ કાર્યના શુભ અવસરો :**

મંદિર પુનઃનિર્માણ કાર્યથી સંબંધિત વિવિધ શુભ અવસરો નીચે મુજબ આયોજવામાં આવેલ છે :

- ✦ ભૂમિ પૂજન
- ✦ પાયાવિધિ (ખાત મુહૂર્ત) ચાર મંદિર માટે
- ✦ શ્રી મહાકાલીકા મંદિર શિલારોપણ
- ✦ શ્રી ઠાકર મંદિર શિલારોપણ
- ✦ શ્રી મહાદેવ મંદિર શિલારોપણ
- ✦ શ્રી મુખ્ય પ્રવેશદ્વાર પૂજન
- ✦ મૂર્તિ પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ
- ✦ નૂતન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા
- ✦ ધ્વજ પૂજન
- ✦ કળશ પૂજન
- ✦ શિખર પૂજન
- ✦ શતચંડી યજ્ઞ

ઉપરોક્ત શુભ અવસરોમાં વિવિધ ભૂમિ પૂજન અને પાયા વિધિનો શુભ પ્રસંગ તા. ૧૬-૫-૨૦૦૫નાં રોજ, મુખ્ય પ્રવેશદ્વાર પૂજન તા. ૧૦-૧૦-૨૦૦૫નાં રોજ, વિવિધ શિલારોપણનો શુભ પ્રસંગ તા. ૧૧-૧૦-૨૦૦૫ના રોજ સંપન્ન કરવામાં આવ્યા છે. તા. ૨૨-૮-૨૦૦૫નાં રોજ નૂતન શિવલિંગ ઉતારેલ છે.

અત્રે નોંધનીય છે કે મંદિર પુનઃનિર્માણ સંબંધી વિવિધ શુભ અવસરોમાં વિવિધ મૂર્તિ પ્રતિષ્ઠા, વિવિધ પૂજન અને શતચંડી યજ્ઞનાં આયોજન માટે વિશેષ ઉત્સવ સમિતિનું ગઠન કરી, આ શુભ અવસરોની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન છે. આ ભવ્ય ઉજવણી તા. ૧૨-૨-૨૦૦૬થી તા. ૧૬-૨-૨૦૦૬ સુધી કરવામાં આવશે. આ ભવ્ય ઉજવણીમાં તમામ જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી, લાભ લેવાનું આમંણ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલભાઈ સોલંકી તથા મંદિર પુનઃનિર્માણ સમિતિના મંત્રી શ્રી ચંદ્રકાત જટુભાઈ ચનાણીએ આ બાબત વિશેષ નોંધાવેલ છે.

વિવિધ શુભ અવસરોની ધાર્મિક વિધિઓ જ્ઞાતિનાં પ.પૂ.ગોરબાપા શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસની સાથે પ.પૂ. બાવાજી શ્રી પ્રાણગિરીજી ગોસ્વામી અને શ્રી ઠાકર મંદિરનાં પ.પૂ. મહારાજ શ્રી અમૃતલાલ જગન્નાથ ભટ્ટ દ્વારા સંપન્ન કરવામાં આવી રહી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આપણા જ્ઞાતિ મંદિર પરિસરનાં વિવિધ મંદિરોની પૂજા-અર્ચના જ્ઞાતિનાં પ.પૂ.ગોરબાપા શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ, શ્રી દિનેશચંદ્ર ત્ર્યંબકલાલ વ્યાસ, પ.પૂ.બાવાજી શ્રી પ્રાણગિરીજી ગોસ્વામી તથા પ.પૂ. મહારાજ શ્રી અમૃતલાલ જગન્નાથ ભટ્ટ દ્વારા સંયુક્તપણે કરવામાં આવે છે.

“ધરતીનો છેડો ઘર, શ્રધ્ધા-શાંતિનો છેડો મંદિર” એવા આપણા સર્વે જ્ઞાતિજનોની શ્રધ્ધા - શાંતિના કેન્દ્ર સમા આપણા જ્ઞાતિ મંદિર પરિસરનાં પુનઃ નિર્માણ કાર્યમાં મહત્ત્વનું યોગદાન આપનાર, મંદિર પુનઃનિર્માણ સમિતિનાં તમામ સભ્યોનાં કાર્યકૌશલ્ય, બુધ્ધિચાતુર્ય તથા સંન્નિષ્ઠ પ્રયાસોની ફળશ્રુતિએ અંદાજે દોઢ વર્ષમાં આ કાર્ય પરીપૂર્ણ થઈ રહ્યું છે.

આ મંદિર પુનઃનિર્માણ કાર્યની સફળતાનું કારણ જણાવતાં જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલભાઈ સોલંકી તથા સર્વશ્રી ચંદ્રકાંત જટુભાઈ ચનાણી, શ્રી નીતિનભાઈ અમૃતલાલ હેડાઉ, શ્રી સુનીલભાઈ માધવજીભાઈ પોમલ, શ્રી ચંદ્રકાંતભાઈ શામજીભાઈ બુધ્ધભટ્ટીએ સંયુક્તપણે કહ્યું હતું કે, “મંદિરના પુનઃ નિર્માણ સમિતિ સંઘ શક્તિ (ટીમ સ્પીરીટ)ને કેન્દ્ર સ્થાને રાખી કામ કરે છે. તમામ સભ્યો પોતાના અનુભવોનો આધાર લઈ, સોંપેલું કામ પૂરી નિષ્ઠા અને ઉત્સાહથી કરે છે. પ્રત્યેક સોંપેલ કામની મહત્તા ઊંચી જ છે તેવું માની કામ કરે છે. દરેક સભ્ય માટે પદનું હોવું ગૌણ બાબત છે. કામનું થવું, વિશેષ મહત્ત્વની બાબત છે.”

“મંદિર પુનઃનિર્માણ કાર્યમાં યોગદાન આપવા બદલ કેવું અનુભવી રહ્યા છો?”ના જવાબમાં પ્રમુખશ્રી તથા અન્ય સભ્યોએ સંયુક્તપણે જણાવ્યું હતું કે, “અમે સર્વે ભાગ્યશાળી છીએ કે અમને આ કાર્યમાં યોગદાન આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. મંદિરોનું અસ્તિત્વ સદીઓ સુધી રહેતું હોય છે અને આવા મંદિરોનું નિર્માણ કાર્ય કરવા માટે અમે બીજા કૌટુંબિક કાર્યો, બીજી વ્યક્તિને સોંપી દઈએ અથવા તે કાર્યો મૂકી દઈએ. જ્યાં સુધી મંદિર પુનઃનિર્માણ કાર્ય પૂર્ણ નથી થતું ત્યાં સુધી બીજા બધા જ કાર્યો ગૌણ છે. તે કાર્યો પછી થઈ શકશે, બીજાઓ દ્વારા થઈ શકશે પરંતુ મંદિર પુનઃનિર્માણ કાર્ય જ અમારા સર્વે માટે અગ્રક્રમે છે. અમારા સર્વેનું અત્યારે એક જ લક્ષ્ય છે “મંદિર પુનઃનિર્માણ”. આવા કાર્યો કરવાનો સુઅવસર વારંવાર નથી મળતો.”

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિનાં તમામ જ્ઞાતિજનોની આસ્થા, શ્રધ્ધા, શાંતિના કેન્દ્ર આ જ્ઞાતિ મંદિરના પુનઃ નિર્માણકાર્યને કાર્યકૌશલ્ય બુધ્ધિચાતુર્ય અને સંન્નિષ્ઠ પ્રયાસો દ્વારા સફળતાપૂર્વક પરીપૂર્ણ કરનાર તમામ સભ્યોને હાર્દિક અભિનંદન. શ્રી મહાકાલીકા માતાજી સહ બધા જ ઈષ્ટદેવોની આપ સર્વે પર કૃપા થાઓ તેવી શુભેચ્છા. ■

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ – ભુજના મંદિરની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

**કુ. એકતા કટ્ટા - અંજાર**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજ દ્વારા ભુજ જ્ઞાતિ મંદિર પરિસરનું જ્યારે ભવ્ય પુનઃ નિર્માણ કાર્ય થઈ રહ્યું છે અને ટુંક સમયમાં જ ભવ્ય 'પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'નું પણ આયોજન થવાનું છે, ત્યારે આપણા સર્વે જ્ઞાતિજનોની શ્રધ્ધા - શાંતિના કેન્દ્રબિંદુ એવા જ્ઞાતિ મંદિરના પુનઃનિર્માણ કાર્યની રૂપરેખા લેતી વેળાએ, જ્ઞાતિ મંદિર તથા ત્યાં ઉજવાતાં વિવિધ ઉત્સવોની ઐતિહાસિક બાબતોની માહિતી, જ્ઞાતિનાં પ.પૂ. ગોરબાપા શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ પાસેથી જાણવાનો સુઅવસર પ્રાપ્ત થયો. પ.પૂ. ગોરબાપા પાસેથી પ્રાપ્ત થયેલ વિગતો અત્રે પ્રગટ કરી છે.

- **શ્રી મહાકાલીકા માતાજીની સ્થાપના :**

શ્રી મહાકાલીકા માતાજીનું મંદિર સ્થાપનાનો ઇતિહાસ ૩૬૫ વર્ષ જૂનો છે. સંવત ૧૬૦૫માં ભુજ શહેરની સ્થાપના થઈ ત્યારે રાજદ્વારા, જ્યાં આપણું મંદિર પરિસર અને પ.પૂ. ગોરબાપાનું ઘર આવેલું છે, તે ગોખરું જમીન, મંદિર અને પ.પૂ. ગોરબાપાનાં નિવાસ માટે આપવામાં આવી હતી.

સંવત ૧૬૯૮માં પોષ સુદ ચૌદસનાં રોજ શ્રી મહાકાલીકા માતાજીની પ્રતિષ્ઠા, આપણા પૂર્વજો દ્વારા કરવામાં આવી અને સંવત ૧૭૦૬માં શ્રી ગણપતિજીની પ્રતિષ્ઠા કરવામાં આવી.

ત્યારબાદ સૌથી પહેલો મોટો ભૂકંપ આવ્યો અને આપણું મંદિર ધ્વસ્ત થયું. ત્યારે શ્રી મહાકાલીકા માતાજીની શ્રી ગણપતિજી સાથે, ગોરબાપાનાં ઘરે પધરામણી કરવામાં આવી. શ્રી મહાકાલીકા માતાજીનાં સ્થાપનવાળા આ રૂમમાં નળીયા હોવાથી ચોમાસામાં પાણી ઉતરતું હતું. તેથી શ્રી ભાઈલાલભાઈ દેવશીભાઈ છત્રાળાએ સ્વેચ્છાએ RCC કરાવી આપેલ.

- **શ્રી સૂર્યનારાયણ દેવ તથા શ્રી સત્યનારાયણ દેવની સ્થાપના :**

શ્રી મહાકાલીકા માતાજી, શ્રી ગણપતિ દેવની સાથે જ સૂર્યનારાયણ દેવની પણ પૂજા થતી હતી. શ્રી સૂર્યનારાયણ દેવને દૂધનું અર્ધ્ય (આચમન) આપવામાં આવતું. જેથી ગંદકી થતી. માટે શ્રી દેવશીભાઈ ભાણજીભાઈ સોલંકી પરિવાર દ્વારા મંદિર પ્રાંગણમાં શ્રી સૂર્યનારાયણ દેવની સ્થાપના કરવામાં આવી. શ્રી સૂર્યનારાયણ દેવની ખાલી થયેલ જગ્યાએ, શ્રી મહાકાલીકા માતાજીની બાજુમાં અંદાજે સન ૧૯૭૦-૭૧માં શ્રી સત્યનારાયણ દેવની સ્થાપના, શ્રી શામજીભાઈ દેવકરણભાઈ સોલંકી પરિવાર દ્વારા કરાવવામાં આવી.

- **શ્રી ઠાકોરજીની સ્થાપના :**

શ્રી ઠાકોરજીની સ્થાપના વિશે જણાવતાં પ.પૂ. ગોરબાપાએ જણાવ્યું કે માતાજીના મંદિરમાં કોઈ સ્ત્રી, ઠાકોરજીને અહીં મૂકી ગયેલ. તે સ્ત્રી કોણ હતી તેની કોઈ જ માહિતી નથી અને ત્યારબાદ શ્રી ઠાકોરજીની સેવાની સ્થાપના થઈ. મકાનની સગવડ થતાં મંદિરનું નિર્માણ થયું.

- **શ્રી જાગનાથ મહાદેવની સ્થાપના :**

કંસારા બજારનાં ખારીવાવ પાસે આવેલા શ્રી શંકર મંદિરનો વહીવટ આપણાં જ્ઞાતિનાં પટેલ (પ્રમુખ) સંભાળતાં હતાં. આ મંદિરમાં બીજી જ્ઞાતિના શ્રધ્ધાળુઓ પણ આવતા અને તેમાં અવારનવાર સુધારા વધારા પણ કરાવતા. શું કામ, કે આ મંદિર છે તેથી કોઈપણ કામ શ્રધ્ધાથી કોઈ કરતું હોય તો તેને ના ન પડાય. તેથી બીજી જ્ઞાતિનાં શ્રધ્ધાળુઓને ના પાડવામાં આવતી નહોતી. ત્યારે ભુજના લોહાર જ્ઞાતિજનોએ તે મંદિરનો વહીવટ લેવા માટે કેસ દાખલ કર્યો. તેઓ પાસે મંદિરમાં કરાવેલ કાર્યોની લેખિત માહિતી હતી અને આપણાં પટેલ પાસે મંદિર વહીવટ તથા જ્ઞાતિ માલીકીનો કોઈપણ લેખિત આધાર ન હોતાં, આપણે તે મંદિરનો વહીવટ સોંપી દેવો પડેલ. સમય જતાં શ્રી મહાકાલીકા માતાજી પરિસરમાં શ્રી જાગનાથ મહાદેવની સ્થાપના કરવામાં આવી. આ બાબત અંદાજે ૧૦૦ વર્ષથી વધારે જૂની છે.

- **જ્ઞાતિ મંદિરમાં ઉજવાતાં વિવિધ ઉત્સવોની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :**

જ્ઞાતિ મંદિરમાં ઉજવાતાં વિવિધ ઉત્સવો વિશે જણાવતાં પૂ. ગોરબાપાએ કહ્યું કે પોષ સુદ ચૌદસના માતાજીનો પાટોત્સવ, આસો નવરાત્રી તથા ચૈત્ર નવરાત્રીની ઉજવણી જ્ઞાતિ મંદિરમાં પ્રારંભકાળથી જ કરવામાં આવે છે અને આસો સુદ નોમ તથા ચૈત્ર સુદ નોમના માતાજીના ખણની વિધિ પણ કરવામાં આવે છે.

ખણની વિધિ વિશે જણાવતાં પ.પૂ. ગોરબાપાએ જણાવ્યું કે નવરાત્રી બાદ ચોંસઠ જોગણીઓને બલિદાન આપવાનાં રૂપે ખણની વિધિ કરવામાં આવે છે.

અગાઉ ખણની વિધિ માટે કંદોઈ પાસેથી ફાફડા (ખાજા) તૈયાર લઈ ખણની વિધિ કરવામાં આવતી. આપણી

જ્ઞાતિનાં પટેલ શ્રી ઉમરશીભાઈ માધવજીભાઈ બારમેડા, એક વખત જાતેજ કંદોઈ સાથે ખાજા વણવાનો પ્રયત્ન કરવા લાગ્યા પણ વણી શકતા નહોતા. ત્યારે બાજુમાં મૂકેલ પતરા પણ તેઓ વણવા લાગ્યા અને પછી તે પતરા સાથે જ ખાજાને ઘી માં તરવા લાગ્યા. આ રીતે ખાજા બનાવવાનાં પ્રયત્નમાં તેઓ સફળ થતાં, માતાજીનાં ખણ વિધિ માટે ખાજા જાતે જ બનાવવાનો આરંભ થયો જે આજપર્યંત ચાલતું આવ્યું છે.

ખણની વિધિમાં 'દેવકી પૂજા' વિશે જણાવતા પ.પૂ.ગોરબાપાએ કહ્યું કે, ભુજ મધ્યે જ્યારે શ્રી મહાકાલીકા માતાજીની પ્રથમ વખત જ સ્થાપના કરવામાં આવી ત્યારે જ્ઞાતિનાં ગોરપદે શ્રી ગંગાધર શાસ્ત્રીજી હતા અને આજપર્યંત સતત અગિયાર પેઢી સુધી અમે તેમના જ વંશજો જ્ઞાતિનું ગોરપદ સંભાળી રહ્યા છીએ. જ્યારે માતાજીની ખણ વિધિ કરવામાં આવતી ત્યારે ગોરની પુત્રીની કુમારિકા તરીકે પૂજા કરવામાં આવતી. જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે ગોરપદે શ્રી નથુલાલ રઘુનાથજી વ્યાસ હતા અને તેમની પુત્રી દેવકી ભૂકંપમાં અવસાન પામતાં, તેમની સ્મૃતિમાં 'કુમારિકા પૂજન'નાં સ્થાને 'દેવકી પૂજન' કરવામાં આવે છે.

પ.પૂ. ગંગાધર શાસ્ત્રીજીનાં વંશજો નીચે મુજબ છે :

૧. પ.પૂ.શ્રી ગંગાધર શાસ્ત્રીજી
૨. પ.પૂ.શ્રી કલ્યાણજી ગંગાધરજી વ્યાસ
૩. પ.પૂ.શ્રી વલ્લભજી કલ્યાણજી વ્યાસ
૪. પ.પૂ.શ્રી પ્રેમજી વલ્લભજી વ્યાસ
૫. પ.પૂ.શ્રી રઘુનાથજી પ્રેમજી વ્યાસ
૬. પ.પૂ.શ્રી નથુલાલ રઘુનાથજી વ્યાસ (જેમની પુત્રી દેવકી અને પુત્ર રાઘવજી ભૂકંપમાં મૃત્યુ પામ્યા)
૭. પ.પૂ.શ્રી હીરજી નથુલાલ વ્યાસ
૮. પ.પૂ.શ્રી ધનજી હીરજી વ્યાસ
૯. પ.પૂ.શ્રી હરીકૃષ્ણ ધનજી વ્યાસ
૧૦. પ.પૂ.શ્રી નરભેરામ હરીકૃષ્ણ વ્યાસ
૧૧. પ.પૂ.શ્રી ત્ર્યંબકલાલ નરભેરામ વ્યાસ
૧૨. પ.પૂ.શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ

- **જ્ઞાતિ મંદિર વિશે વિશેષ માહિતી :**

જ્ઞાતિ મંદિરની નોંધપાત્ર બાબત જણાવતાં પ.પૂ. ગોરબાપાએ કહ્યું કે, પ્રારંભકાળથી એવી માન્યતા છે કે જ્યારે જ્યારે રાજ પર મહામારી જેવી આફતો આવે છે ત્યારે ત્યારે કંસારા - સોની જ્ઞાતિનાં શ્રી મહાકાલીકા માતાજીનો હવન અને પૂજન-અર્ચન કરવાથી તેનું નિરાકરણ થાય છે.

સન ૧૯૬૧-૬૨માં 'શીતળા'નો અતિશય પ્રકોપ હતો. તેના નિરાકરણ માટે આપણી જ્ઞાતિ દ્વારા 'સર્વજન હિતાર્થે' શ્રી શીતળા માતાજીનો તથા શ્રી મહાકાલીકા માતાજીનો 'શાંતિ હવન' કરવામાં આવ્યો હતો. તેના પરિણામે પ્રકોપનું નિરાકરણ થયું હતું.

સન ૧૯૮૬માં 'બુધવારે' જ યુવાનોના અપમૃત્યુનાં બનાવો બનતા હતા. એક પણ અઠવાડિયું એવું ન હોય કે જેમાં આ ઘટના ઘટતી ન હોય. ત્યારે પણ શ્રી મહાકાલીકા માતાજીનો 'શતચંડી યજ્ઞ' અને 'શાંતિ હવન' કરવામાં આવ્યો અને તે ઘટનાનું નિરાકરણ આવ્યું.

જ્ઞાતિ મંદિર પુનઃ નિર્માણ કાર્ય વિશે અભિપ્રાય આપતાં પ.પૂ. ગોરબાપાએ કહ્યું કે મંદિર પુનઃ નિર્માણ કાર્ય માટે મોડા જાગૃત થયા, પણ સંપૂર્ણપણે જાગૃત થઈ આયોજનબધ્ધ કાર્ય થઈ રહ્યું છે તે હર્ષની બાબત છે.

મંદિર પુનઃ નિર્માણ સમિતિના સભ્યો વિશે અભિપ્રાય આપતાં કહ્યું કે, મંદિર પુનઃનિર્માણ કાર્ય ટીમ સ્પીરીટનું પરિણામ છે. બધા એકમત થઈ કામ કરી રહ્યા છે તે ઉદાહરણીય છે.

મંદિર પુનઃનિર્માણ સમયે જ્ઞાતિજનોને સંદેશ આપતાં પ.પૂ. ગોરબાપાએ કહ્યું કે જ્ઞાતિજનોએ સાનુકુળતા મુજબ દૈનિક પૂજન - અર્ચનનો નિયમ લેવો જોઈએ. એક જ સમય નક્કી કરી, તે જ સમયે બધા જ જ્ઞાતિજનો દરરોજ મંદિરમાં એકત્રિત થાય તેવું ઈચ્છું છું. અત્યારે મંદિરનું પુનઃ નિર્માણ થતાં મંદિર નવું છે ત્યારે જ્ઞાતિજનોનો ઉત્સાહ હોય તે સ્વાભાવિક છે અને ત્યારે આ નવીન નિયમ જો બનાવવામાં આવે તો તેનું પરિણામ ચોક્કસપણે સારું જ આવશે. ■

***નોંધ : અત્રે એ ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત બધી જ માહિતી પ.પૂ. ગોરબાપા શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ પાસેથી મળેલ છે. જેમાં અનેક પ્રસંગોએ સમય પ્રવાહની તથા કાર્ય કરનાર જ્ઞાતિજનની માહિતી પ્રાપ્ત થયેલ નથી. તો મંદિરની ઐતિહાસિક બાબતે જ્ઞાતિજનો પાસે માહિતી હોય તો તે જણાવવા અનુરોધ છે.***

### જીવનમાં મહત્ત્વ કોનું?

*નાટકમાં પાર્ટનું, મોટરમાં સ્ટાર્ટનું,*
*શરીરમાં હાર્ટનું, શિક્ષણમાં માર્કનું,*
*કપડામાં સીલાઈનું, દૂધમાં મલાઈનું*
*શિયાળામાં રજાઈનું, ઉનાળામાં ઠંડાઈનું*
*ખાવામાં શિરાનું, રસોઈમાં તવાનું*
*વાહનોમાં જીપનું, અંધારામાં દીપનું*
*સાસરામાં સાળીનું, બગીચામાં માળીનું.*

***પોમલ હની રામદાસભાઈ - અંજાર***

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ - અમદાવાદ

## અમદાવાદમાં ઉજવાયો નૂતન વર્ષનું પર્વ

દર વર્ષે દિવાળી બાદ શરૂ થતાં નૂતન વર્ષમાં સ્નેહ મિલન યોજવાની પરંપરા રહેલ છે. આ વર્ષે યોગાનુયોગ અમદાવાદ જ્ઞાતિનો નૂતન વર્ષ સ્નેહ મિલન ઈસુના નવા વર્ષના પ્રથમ દિવસે તા. ૧-૧-૨૦૦૬ના રોજ યોજાયો. સ્નેહ મિલનનું આયોજન નરોડા ખાતે જૈન વાડીમાં કરવામાં આવેલ. આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લાના જ્ઞાતિ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ કેશવજી સોની, તલોદના શ્રી જેઠાલાલ જીવરામ સોની તથા અન્ય હોદ્દેદારોએ ખાસ હાજરી આપેલ હતી. કાર્યક્રમમાં હર્ષોલ્લાસ સાથે નૂતન વર્ષની ઉજવણી કરવામાં આવી. જ્ઞાતિના ઉત્સાહી યુવા-યુવતીઓએ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી. હાઉસીની રમત બાદ પાંઉભાજી - જલેબીની મજા માણતા સર્વેએ એકબીજાને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો સાથે ‘યુવા’ ગ્રુપના શ્રી ધવલ સોની, પુનીત સોની, વ્રજેશ કોટડીયા, હની કંસારા, ખ્યાતિ કંસારા, રૂપલ સોની, ખ્યાતિ એસ. સોની વગેરે યુવા મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. ■







# "જ્ઞાતિ સહયોગ બચત યોજના"

જ્ઞાતિનો દરેક પરિવાર જ્ઞાતિના શુભ કાર્યોમાં અચૂક આર્થિક યોગદાન આપી શકે તે માટે અમદાવાદ ખાતે પ્રથમ વખત ''જ્ઞાતિ સહયોગ બચત યોજના'' નામથી એક વિશિષ્ટ યોજનાનું આ વર્ષે દિવાળીથી પ્રારંભ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ શ્રી રાજેન્દ્ર સોની તથા શ્રી પંકજ કંસારાના સહયોગથી જ્ઞાતિના દરેક પરિવારને એક સુંદર બચત પેટી ભેટ આપવામાં આવેલ છે. દરેક પરિવાર, દરરોજનો એક રૂપિયો બચાવી વર્ષને અંતે ઓછામાં ઓછા ૩૬૫ રૂપિયા જ્ઞાતિ ફંડમાં જમા કરાવે તેવી અપેક્ષા રાખવામાં આવેલ છે.

જ્ઞાતિ પરિવારમાં પરસ્પર એકતા અને ભાઈચારાની ભાવના વિકસે તે હેતુથી આ વર્ષે દીપાવલી બાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી મનુભાઈ કોટડીયા, ઉપપ્રમુખ શ્રી ગીરીશભાઈ સોની, ખજાનચી શ્રી રાજેન્દ્ર સોની, સહમંત્રી શ્રી શૈલેષ કંસારા, કારોબારી સભ્ય શ્રી કનુભાઈ બીજલાણી તથા જયમીનભાઈ સોની વગેરેએ જ્ઞાતિના દરેક પરિવારના ઘેર જઈ શુભેચ્છા પાઠવી હતી તથા બચત પેટીની ભેટ આપેલ હતી. સંસ્થાની આ પહેલને સમગ્ર જ્ઞાતિમાંથી બહોળો પ્રતિસાદ મળેલ છે અને નીચેના જ્ઞાતિજનોએ સહર્ષ નૂતન વર્ષ શુભેચ્છા ફાળો નોંધાવેલ છે.

| | |
|---|---|
| ૧. શ્રી મનુભાઈ કોટડીયા | ૨. શ્રી ઘનશ્યામભાઈ પરમાર |
| ૩. શ્રી નીકિતભાઈ કંસારા | ૪. શ્રી મંગળદાસ ધારશી |
| ૫. શ્રી રોહિતભાઈ કે. કંસારા | ૬. શ્રી શૈલેષભાઈ કંસારા |
| ૭. શ્રી જૈમીનભાઈ જેઠાલાલ | ૮. શ્રી અતુલભાઈ બગ્ગા |
| ૯. શ્રી ગીરીશભાઈ સોની | ૧૦. શ્રી રાજેન્દ્રભાઈ સોની |
| ૧૧. શ્રી સૂર્યકાંતભાઈ સોની | ૧૨. શ્રી રમેશભાઈ સોની |

## યુવા ગ્રુપ

અમદાવાદ જ્ઞાતિના ઉત્સાહી યુવા - યુવતીઓએ એક ''યુવા ગ્રુપ''ની રચના કરેલ છે. આ ગ્રુપ સમાજમાં કલા સાહિત્ય ક્ષેત્રે છુપાયેલી પ્રતિભાઓને બહાર લાવવા તથા યુવા શક્તિને જ્ઞાતિ સમાજ કાર્યમાં લગાવવા કાર્ય કરવાનું નક્કી કરેલ છે. સર્વેશ્રી ધવલ સોની, હની કંસારા, પુનીત સોની, વ્રજેશ કોટડીયા, ખ્યાતિ કંસારા, રૂપલ સોની, ખ્યાતિ સોની, બ્રિગેન બારમેડા, મિતુલ બુધ્ધભટ્ટી વિગેરે આ ગ્રુપના ઉત્સાહી કાર્યકર્તાઓ છે. ટુંક સમયમાં આ ગ્રૂપ પોતાની કામગીરી શરૂ કરશે.



# 'મેડિકલ સહાય ફંડ' તથા 'મેડિકલ હેલ્પ લાઇન' આરોગ્ય સેવા ક્ષેત્રે અમદાવાદ જ્ઞાતિની આગવી પહેલ

અમદાવાદ શહેર મેડિકલ સેવા ક્ષેત્રે હરણફાળ ભરી રહેલ છે. દેશની ઉત્તમ કહી શકાય તેવી સારવારો હવે અમદાવાદમાં ઉપલબ્ધ થયેલ છે. એશિયાની સૌથી મોટી હોસ્પિટલ અમદાવાદની સિવિલ હોસ્પિટલ છે અને વી. એસ. હોસ્પિટલ દરેક વર્ગના દર્દીઓ માટે આશિર્વાદરૂપ બનેલ છે. આ ઉપરાંત છેલ્લા કેટલાક વર્ષોથી સાલ હોસ્પિટલ, સ્ટર્લીંગ હોસ્પિટલ, રાજસ્થાન હોસ્પિટલ, ક્રિષ્ના હાર્ટ સેન્ટર, એપોલો હોસ્પિટલ વગેરેએ અમદાવાદમાં અત્યંત આધુનિક સારવાર ઉપલબ્ધ કરાવેલ છે. સમગ્ર રાજયમાંથી જ નહીં પરંતુ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન જેવા પડોશી રાજ્યોમાંથી હજારો દર્દીઓ અમદાવાદ આવે છે. વિદેશમાંથી દર વર્ષે સેંકડો એન.આર.આઈ. દર્દીઓ અમદાવાદમાં સારવાર લે છે. કચ્છમાંથી પણ આપણી જ્ઞાતિના દર્દીઓ અવારનવાર સારવાર માટે અમદાવાદ આવે છે.

આપણે સૌ જાણીએ છીએ કે આધુનિક સારવાર ખૂબ ખર્ચાળ હોય છે. નાની મોટી બીમારી પણ સામાન્ય વ્યક્તિ માટે આર્થિક બોજો બની જાય છે ત્યારે ઑપરેશન જેવી મોટી સારવારમાં થતા ખર્ચની કલ્પના પણ ધ્રુજારી લાવી દે છે. મેડિકલ સેવાનું હવે વેપારીકરણ થઈ ગયું છે. બીમારી આવે ત્યારે દર્દીના પરિવારજનો ડોક્ટરની સલાહ પર આંધળો વિશ્વાસ કરતા હોય છે. માનસિક સ્થિતિ એવી હોય છે કે સામાન્ય વ્યક્તિની વિચાર શક્તિ કુંઠિત થઈ જાય છે. ડોક્ટરો અને દવાના વેપારીઓ અને તબીબી તપાસની લેબોરેટરીઓની સાંઠગાંઠથી સૌ પરેશાન છે.

જ્ઞાતિના આવા બીમાર દર્દી અને તેના પરિવારજનોને સાચી સલાહ અને સહકારની ખાસ જરૂર રહે છે.

આ વિષય પર લાંબી વિચારણાના અંતે અમદાવાદ જ્ઞાતિએ આ ક્ષેત્રે પોતાની સેવા વિકસાવવાનું નક્કી કરેલ છે. બહારગામથી અમદાવાદ આવતા જ્ઞાતિજનોની સમસ્યા પર ખાસ વિચારણા કરવામાં આવેલ છે. અનુભવથી એવું જણાય છે કે આપણી જ્ઞાતિના મોટાભાગના દર્દીઓ માટે અમદાવાદ ખૂબ અજાણ્યું હોય છે તેથી યોગ્ય માર્ગદર્શન અને ભાવનાત્મક સહકારની તેને ખૂબ આવશ્યક્તા હોય છે.

છેલ્લા કેટલાક સમયથી અમદાવાદમાં સારવાર માટે આવતા આપણી જ્ઞાતિના દર્દીઓની શુભેચ્છા મુલાકાતે અમદાવાદ જ્ઞાતિના હોદ્દેદારો જાય છે અને જરૂર પડ્યે યોગ્ય માર્ગદર્શન - સલાહ આપે છે.

જ્ઞાતિના આર્થિક રીતે નબળા દર્દીઓને મદદરૂપ થવા જ્ઞાતિના ઘણા દાતાઓની ઈચ્છા હોય છે. આથી દાતા અને દર્દી વચ્ચે સેતુરૂપ સેવા બજાવવા અમદાવાદ જ્ઞાતિએ મેડિકલ સહાયફંડની રચના કરવાનું નક્કી કરેલ છે.

તાજેતરમાં અમદાવાદ ખાતે તા. ૧-૧-૨૦૦૬ના રોજ યોજાયેલ જ્ઞાતિના નૂતન વર્ષ સ્નેહ મિલનમાં જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ જ્ઞાતિજનો સમક્ષ "મેડિકલ સહાય ફંડ" યોજનાની જાહેરાત કરતાં, તે જ સમયે વિવિધ દાતાઓ તરફથી પ્રતિસાદ રૂપે દાનની રકમો જાહેર થયેલ. તે જ દિવસે જાહેર થયેલ રૂપિયા ત્રીસ હજારથી વધારેના દાનથી આ ફંડની શરૂઆત કરવામાં આવેલ છે. દાતાઓના સહકારથી આ માટે યોગ્ય ભંડોળ રચી જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાનું આયોજન કરવામાં આવશે.

"મેડિકલ સહાય ફંડ" માટે દાન સ્વીકારવા તથા તેનો યોગ્ય વહીવટ કરવા નીચે મુજબ "મેડિકલ ફંડ સમિતિ"ની રચના કરવામાં આવેલ છે :

૧. શ્રી રમેશભાઈ વી. સોની
૨. શ્રી રાજેન્દ્ર કે. સોની
૩. શ્રી શૈલેષ હંસરાજ કંસારા
૪. શ્રી જેઠાલાલ જીવરામ સોની (તલોદ)
૫. શ્રી હરિલાલ લખમશી સોની (અંજાર)

## ***મેડિકલ સહાય ફંડના દાતાશ્રીઓની યાદી***

| | |
|---|---|
| ૫,૦૦૦/- | સ્વ. શાંતિલાલ નરશીભાઈ બીજલાનીના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી - અમદાવાદ |
| ૫,૦૦૦/- | શ્રી હરિલાલ લખમશી સોની - અંજાર |
| ૫,૦૦૦/- | સ્વ. વિઠ્ઠલદાસ ટી. કોટડીયાના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી - અમદાવાદ |
| ૫,૦૦૦/- | શ્રી રાજેન્દ્ર કાંતિલાલ સોની - અમદાવાદ |
| ૫,૦૦૦/- | શ્રી સોની જેઠાલાલ જીવરામ - તલોદ |
| ૧,૦૦૦/- | શ્રી અતુલકુમાર શંકરલાલ સોની - અમદાવાદ |
| ૧,૦૦૧/- | સ્વ. મણિબેન ઠાકરશી કંસારાના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી - અમદાવાદ |
| ૧,૦૦૦/- | શ્રી નવલરામ એન. બીજલાની - અમદાવાદ |
| ૧,૦૦૦/- | શ્રી હસમુખ લાલજીભાઈ સોની - ખેડબ્રહ્મા |
| ૧,૦૦૧/- | શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોની- વડાલી |
| ૧,૦૦૧/- | શ્રી શાંતિલાલ ચાંપશીભાઈ સોની - તલોદ |
| ૫૦૧/- | શ્રી હસમુખભાઈ મેવચા - અમદાવાદ |
| ૨૫૧/- | શ્રી દિનેશભાઈ ટોપણદાસ કોટડીયા - અમદાવાદ |

## મેડિકલ હેલ્પ લાઈન

અમદાવાદ કારોબારી સમિતિના ધ્યાન પર આવેલ છે કે અમદાવાદ આવતા દર્દીઓ તથા તેના પરિવારજનોને અમદાવાદના તબીબો, હોસ્પિટલો, બ્લડ બેંક તથા રહેવા ઉતરવાની સગવડ વિશે માહિતીની જરૂરત હોય છે. બીમારી જેવી કુદરતી આપત્તિ સમયે યોગ્ય સલાહ - માર્ગદર્શન આપવા અમદાવાદ જ્ઞાતિ તરફથી વિશેષ આયોજન કરવામાં આવેલ છે. આ હેતુથી એક "મેડિકલ હેલ્પ લાઈન" સેવા શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. કચ્છમાં કે બીજે વસતાં જ્ઞાતિજનોને અમદાવાદમાં સારવાર માટે સલાહની જરૂર પડે, તો તે નીચે દર્શાવેલ સભ્યોનો સંપર્ક કરી શકે છે.

***મેડિકલ હેલ્પ લાઈન***

| | |
|---|---|
| *શ્રી અતુલ સોની* | *મો. ૯૮૨૫૦ ૩૦૧૪૦* |
| *શ્રી ગીરીશભાઈ સોની* | *મો. ૯૮૨૪૦ ૬૩૯૭૦* |
| *શ્રી પ્રશાંત બીજલાની* | *મો. ૯૮૨૪૦ ૮૧૪૯૩* |
| *શ્રી વિજય બુધ્ધભટ્ટી* | *મો. ૯૮૯૮૦ ૩૦૧૩૪* |
| *શ્રી રોહિત કે. કંસારા* | *ફોન : ૫૫૨૧૫૭૩૧* |

આશા છે કે આ હેલ્પ લાઈન સમગ્ર કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ માટે ઉપયોગી થશે.

## સ્વાસ્થ્ય સુરક્ષા યોજના

જ્ઞાતિના નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમમાં માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ અમદાવાદ શહેરમાં વસતા જ્ઞાતિજનોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે કેટલીક યોજનાઓ પર કારોબારી કમિટીમાં વિચારણા ચાલતી હોવાનું જણાવેલ. અમદાવાદમાં સ્પેશિયાલીસ્ટ ડોક્ટરોની કન્સલ્ટીંગ ફી રૂા. ૧૫૦/-થી ૪૦૦/- જેટલી હોય છે. લેબોરેટરી ટેસ્ટીંગ, એક્સ-રે, સોનોગ્રાફી વિ. માટે મોટી રકમ ચૂકવવી પડે છે.

હાલમાં જ્ઞાતિ કારોબારી કમિટી અન્ય માતબર ટ્રસ્ટના મેડિકલ સેન્ટર સાથે વાટાઘાટ કરી રહેલ છે. આ યોજના હેઠળ ખૂબ સામાન્ય દરે ખ્યાતનામ તબીબોની સેવા જ્ઞાતિજનોને ઉપલબ્ધ થાય અને તે સામાન્ય ફીમાંથી પણ દર્દીને માત્ર અડધી (૫૦%) ફી ચૂકવવી પડે તેવું આયોજન કરવામાં આવી રહેલ છે. આ માટે જ્ઞાતિજનોના આઈડેન્ટીટી કાર્ડ તૈયાર કરવામાં આવી રહેલ છે.

આ ઉપરાંત જ્ઞાતિના સીનીયર સીટીઝન વડીલો માટે એક સરવે ટુંક સમયમાં હાથ ધરવામાં આવનાર છે. સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ ભવિષ્યમાં બ્લડ ડોનેશન જેવી પ્રવૃત્તિ કરવાનું વિચારવામાં આવશે.

***અતુલ સોની - માનદ્ મંત્રી***

## અમદાવાદમાં રોકાણ માટે ઉત્તમ સગવડ

### શ્રી કચ્છી વિશ્રામ ગૃહ

**શુભ કોમ્પ્લેક્સ સામેની ગલીમાં,**
**રાજસ્થાન હોસ્પિટલ સામે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.**
**ફોન : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭, ૨૨૮૬૩૭૬૮**

આપણી જ્ઞાતિના ઘણા પરિવારોને ધંધાર્થે તથા બીમારી દરમ્યાન સારવાર અર્થે અમદાવાદ આવવાનું થતું હોય છે. અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ અને રાજસ્થાન હોસ્પિટલની નજીકમાં, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત ***"શ્રી કચ્છી વિશ્રામ ગૃહ"*** આવેલ છે. અહીં કચ્છથી સારવાર માટે અમદાવાદ આવતા કોઈપણ કચ્છી દર્દીઓ તથા તેમના પરિવારજનો માટે ૧૦ સાદા રૂમોમાં રાહત દરે રહેવાની તથા સામાન્ય દરે જમવાની વ્યવસ્થા છે. બે ડોરમેટરીમાં ૨૪ પથારી તથા લોકરની સગવડ છે. વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે રૂમ રાહત દરે મળે છે. આ ઉપરાંત અહીં બીજા સાદા રૂમ, એટેચ્ડ બાથરૂમ સાથે ૬ ફેમિલી રૂમો અને ૧૦ એ.સી. રૂમો છે જેમાં ટી.વી. તથા ટેલિફોનની સગવડ છે. વર્ષ દરમિયાન સરેરાશ ૨૦,૦૦૦ જેટલી વ્યક્તિઓ આ વિશ્રામ ગૃહનો લાભ ઉઠાવે છે.

*આપણી જ્ઞાતિના અમદાવાદ આવતા પરિવારોને ઉપરોક્ત માહિતી ઉપયોગી બનશે તેવી આશા છે.*

*<u>દીપોત્સવી અંકમાં આપેલ ક્વીઝના જવાબો</u>*

(૧) **B**, (૨) **D**, (૩) **C**, (૪) **B**, (૫) **C.**

***જવાબ મોકલનારા :*** હાર્દિક - અંજાર, લીના - ભચાઉ

## સાભાર સ્વીકાર

★ **ચિ. હીતેન છગનલાલ સોની (અંજાર)**ના શુભ લગ્ન પ્રસંગે તેમના કુટુંબ તરફથી રૂા. ૧૦૦૧/- "સેતુ"ને સપ્રેમ ભેટ મળેલ છે.

જેનો સાભાર સ્વીકાર કરેલ છે.

★ **સોની રાજેન્દ્ર કાંતિલાલ (અમદાવાદ)**ની સુપુત્રી **ચિ. રૂપલ**નું વેવિશાળ **સોની ગોપાલભાઈ શામજીભાઈ (દહેગામ)**ના સુપુત્ર **ચિ. ભાવેશ** સાથે તા. ૩૧-૧-૦૬ના રોજ નિરધારેલ છે. તે નિમિત્તે 'સેતુ'ને રૂા. ૧,૦૦૧/-ની શુભેચ્છા ભેટ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરેલ છે.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ આયોજીત ૨૦મો સમૂહ લગ્ન સમારોહ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા ૨૦મા સમૂહ લગ્ન સમારોહનું આયોજન તા. ૪-૧૨-૦૫ રવિવારના રોજ ભુજ મધ્યે કરવામાં આવેલ. આ સમૂહ લગ્નમાં ૧૯ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. સમાજમાં સમૂહ લગ્ન બાબતે જાગૃતિ આવે અને ભભકાદાર લગ્નના ખોટા ખર્ચાઓના સકંજામાંથી લોકો બહાર આવે તેવા ઉદ્દેશ સાથે યોજાતા સમૂહ લગ્નમાં નાના-મોટા વર્ગના જ્ઞાતિજનોએ ભાગ લઈ, એક જ લગ્ન મંડપ નીચે સમૂહમાં લગ્ન ગ્રંથિથી જોડાઈને, અન્યને પ્રેરણારૂપ બની ૨૦મા સમૂહ લગ્નને યશપૂર્વક સફળતા અપાવેલ છે.

તા. ૪-૧૨-૦૫, રવિવારે સવારે ૧૦.૧૫ કલાકે શ્રી ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી પરિવાર તરફથી શ્રી ગણેશ પૂજા કરવામાં આવેલ. ત્યારબાદ પૂ.ગોર શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસનાં આચાર્ય પદે વેદોચ્ચાર મંત્રો સાથે લગ્નવિધિથી જોડાઈ જ્ઞાતિનાં ૧૯ સુપુત્રો - સુપુત્રીઓએ પ્રભુતામાં પગલા પાડેલ. કચ્છ તેમજ બહારથી વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરી હતી.



*સત્કાર સમારોહનું દીપ પ્રાગટ્યથી શરૂઆત કરતાં શ્રી ભૂપેન્દ્રભાઈ શીવજી બુધ્ધભટ્ટી, શ્રી જટુભાઈ વેલજી ચનાણી તથા જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જે. સોલંકી*

સમૂહ લગ્ન સમારોહના પ્રમુખ સ્થાને શ્રી મદનભાઈ લખમશી બુધ્ધભટ્ટી - ભુજ તેમજ અતિથિવિશેષ પદે શ્રી વિનોદભાઈ મગનલાલ ચનાણી, શ્રી પ્રવીણભાઈ મૂળશંકર બારમેડા, શ્રી નવીનભાઈ પરષોત્તમ સાકરીયા (ભુજ) અને શ્રી ઈશ્વરલાલ વેલજી બારમેડા - અજાર, શ્રી લખમશીભાઈ ઈશ્વરલાલ કોટડીયા (ઉગેડીવાળા) તેમજ વડીલ શ્રેષ્ઠી સર્વશ્રી જટુભાઈ વેલજી ચનાણી, પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી અને શ્રી પ્રાણલાલભાઈ નરભેરામ સોલંકી ખાસ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહી સમારોહને ગૌરવ પ્રદાન કર્યું હતું.



*સત્કાર સમારોહમાં મંચ પર બિરાજમાન મહાનુભાવો તથા નવદંપતિઓ*

લગ્નવિધિ તેમજ સમૂહ ભોજન બાદ સાંજે ૪.૦૦ વાગ્યે નવદંપતિઓને સત્કારવા "સત્કાર સમારંભ" યોજવામાં આવેલ, જેની શરૂઆત શ્રી ભૂપેન્દ્રભાઈ શીવજી બુધ્ધભટ્ટીનાં વરદ્ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. પૂ. ગોરબાપા શ્રી સુમનભાઈ વ્યાસનાં આશિર્વચન બાદ આમંત્રણને માન આપીને પધારેલ મોંઘેરા મહેમાનો - મુંબઈ જ્ઞાતિ પ્રમુખ શ્રી જેન્તીલાલ હીરજી સાકરીયા, રાયપુર જ્ઞાતિ માજી પ્રમુખ શ્રી કિશોરભાઈ બાબુલાલ બુધ્ધભટ્ટી, અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી શીવલાલભાઈ મૈચા, અખિલ કચ્છ જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ - ગાંધીધામના મંત્રીશ્રી ભરતભાઈ તુલસીદાસ બગ્ગા, નખત્રાણા જ્ઞાતિ આગેવાન શ્રી ભરતભાઈ બગ્ગા, શ્રી ઈશ્વરલાલભાઈ નરભેરામ સોલંકી - ભુજ, શ્રી વસંતલાલ માવજી બુધ્ધભટ્ટી તેમજ પધારેલ સર્વે જ્ઞાતિ પ્રમુખશ્રીઓ વગેરેનું સ્વાગત સન્માન કરવામાં આવેલ. તેઓએ નવદંપતિઓને આશિષ સાથે શુભેચ્છા પાઠવેલ. ત્યારબાદ સમારોહના પ્રમુખશ્રી તથા અતિથિવિશેષશ્રી દ્વારા નવદંપતિઓનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવેલ.

કન્વીનર શ્રી નીતિનભાઈ અમૃતલાલ હેડાઉએ નવદંપતિઓને શુભેચ્છા પાઠવી હતી તેમજ સુંદર આયોજન બદલ યુવાન કાર્યકરોને બિરદાવેલ. જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીએ, સમૂહલગ્નમાં જોડાયેલા ૧૯ નવદપંતિઓને સુખમય જીવન નીવડે એવા આશિર્વાદ પાઠવ્યા હતા અને જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં સાથ - સહકાર આપવા સર્વે જ્ઞાતિજનોને જણાવેલ.

આગામી પોષ સુદ-૧૪ સુધીમાં જ્ઞાતિના મંદિરોનું પુનઃનિર્માણ કાર્ય પુરૂં કરવાના ધ્યેય સાથે બાંધકામ ચાલુ છે તેવી જાહેરાત કરી હતી.

બોચાસણ અક્ષર પરષોત્તમ સ્વામિનારાયણ મંદિરના સંતોના આશિર્વચન પત્રનું વાંચન કરવામાં આવેલ.

૨૦મા સમૂહ લગ્ન પ્રસંગે સમિતિ તરફથી ભેટ ઉપરાંત જ્ઞાતિજનો તરફથી મળેલ કુલ ૩૭ આઈટમો (ગીફ્ટ) નવદંપતિઓને વિતરણ કરવામાં આવેલ. ઉપરાંત આવેલ કુલ્લે ગૌ દાનમાં સમૂહ લગ્ન સમિતિના ઉમેરીને, દરેક કન્યાને રૂા. ૯૫૧/-ના કવર, મહેમાનોના વરદ્ હસ્તે ભેટ આપવામાં આવેલ. આ વર્ષે સમૂહ લગ્નના જાહેરાત - સ્ટેશનરી ખર્ચના સૌજન્ય દાતા શ્રી ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી, ભુજ તરફથી મળેલ તેમજ લગ્ન પત્રિકા ખર્ચના સૌજન્ય દાતા શ્રી ભૂપેન્દ્રભાઈ શીવજી બુધ્ધભટ્ટી - ભુજ તરફથી મળેલ. સમૂહ લગ્ન સફળતાના પ્રતિસાદ રૂપે જ્ઞાતિજનો તરફથી વિશિષ્ટ દાનોની સત્કાર સમારોહ દરમ્યાન જાહેરાત કરવામાં આવી હતી.

આ ૧૯ નવદંપતિઓના લગ્નની સરકારી નોંધણી કાર્યની વ્યવસ્થા સ્થળ પર કરવામાં આવેલ.

લગ્નમાં જોડાયેલ પક્ષકારો :

૧. શ્રી જટુભાઈ વેલજી ચનાણી પરિવાર - ભુજ
૨. શ્રી કિશોરભાઈ બાબુલાલ બુધ્ધભટ્ટી - રાયપુર
૩. શ્રી ઘનશ્યામભાઈ ઓધવજી બારમેડા - ભુજ
૪. શ્રી ચંદ્રકાંત ઓધવજી બારમેડા - ભુજ

તરફથી સમૂહ લગ્નના સમગ્ર ભોજન ખર્ચના દાનની જાહેરાત કરવામાં આવેલ તેમજ પક્ષકાર શ્રી નવીનચંદ્ર જાદવજી સોલંકી - ભુજ તરફથી મંડપ ખર્ચના દાનની જાહેરાત કરવામાં આવેલ. જેને ઉપસ્થિત જ્ઞાતિજનોની વિશાળ મેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

સમૂહ લગ્નના આગલા દિવસે તા. ૩-૧૨ શનિવારે રાત્રે ભવ્ય દાંડિયા રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહી હોંશભેર ભાગ લીધેલ. દાંડિયા રાસનું આયોજન શ્રી પ્રદીપ મગનલાલ ચનાણી તેમજ સાથી કલાકારોએ સંભાળેલ.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી, યુવક મંડળના પ્રમુખ શ્રી સુનીલ માધવજી પોમલ, કન્વીનર શ્રી નીતિન અમૃતલાલ હેડાઉ, જ્ઞાતિ કારોબારી સભ્યો, સમૂહ લગ્ન સમિતિના સભ્યો તેમજ નામી - અનામી કાર્યકરોના સાથ સહકારથી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન સમૂહ લગ્ન સમિતિના માનદ્ મંત્રી શ્રી ચેતનભાઈ બારમેડાએ સંભાળ્યું હતું. ■

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર

★ જ્ઞાતિના શ્રી મહાકાળી, શ્રી વાઘેશ્વરી, શ્રી મહાલક્ષ્મી માતાજીના મંદિરે ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસની નિશ્રામાં હવનનો કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય યજમાન શ્રી મનોજભાઈ છોટાલાલભાઈ મહીચા તથા શ્રીમતી નયનાબેને શાસ્ત્રોક્ત વિધિમાં ભાગ લીધો હતો.



આ પ્રસંગે જ્ઞાતિ પ્રમુખ તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત હતા.

★ દર વર્ષની જેમ આ વર્ષે પણ ખણનો કાર્યક્રમ પરંપરાગત રીતે જ્ઞાતિ સમસ્તના પરિવારજનો તેમજ ગણમાન્ય આગેવાનોની ઉપસ્થિતમાં આયોજીત થયો. સૌ પ્રથમ ચોસઠ જોગણી મા, શ્રી



મહાકાળીજી, શ્રી મહાલક્ષ્મીજી, શ્રી વાઘેશ્વરીજીનું પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી હરીલાલ નારાણજી બુધ્ધભટ્ટી સહ પરિવાર તથા શ્રી હરીશભાઈ વેલજીભાઈ સોનીના મુખ્ય યજમાનપદે ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવી હતી. જ્ઞાતિ પ્રમુખ શ્રી શીવલાલભાઈ શામજીભાઈ સોનીએ જણાવ્યું હતું કે, ''શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ વર્ષોથી વંશ પરંપરાગત રીતે ચોસઠ જોગણી માતાજીની ઉપાસના કરતા આવ્યા છે. તેના એક ભાગરૂપે આ ખણની વિધિ કરવામાં આવે છે તેમજ જ્ઞાતિ માટે આ ખણની પૂજાનું આગવું મહત્વ છે.'' શ્રી મોતીલાલભાઈ કંસારા, શ્રી હરીશભાઈ હંસરાજ બુધ્ધભટ્ટી વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે જ્ઞાતિ પ્રમુખ તેમજ અન્ય ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહી હતી. ■

# શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર

શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર દ્વારા તા. ૬-૧૧-૨૦૦૫ના રોજ સમાજની જનરલ મિટીંગમાં શ્રી પ્રકાશ ભગતલાલ બારમેડાની સમાજના પ્રમુખપદે નિર્વાચિત થયા છે.

શ્રી પ્રકાશકુમાર બારમેડા દ્વારા કાર્યકારિણી તથા કારોબારી સભ્યોની નિયુક્તિ કરેલ. જે નીચે મુજબ છે :

૧. પ્રકાશકુમાર ભગતલાલ બારમેડા - પ્રમુખ
૨. કૌશિકકુમાર કિશોરચંદ્ર કટ્ટા - ઉપપ્રમુખ
૩. કમલેશકુમાર નરોત્તમભાઈ બીજલાણી - મંત્રી
૪. નીલેશકુમાર નરભેરામભાઈ બુધ્ધભટ્ટી - ખજાનચી
૫. ભરતકુમાર નરસિંહભાઈ સકરીયા - સહમંત્રી
૬. પ્રફુલકુમાર મગનલાલભાઈ બારમેડા - સહ ખજાનચી

● *કારોબારી સભ્યો :*

૧. સુરેશભાઈ બુધ્ધભટ્ટી
૨. ચંદ્રકાંત ગોપાલજીભાઈ કટ્ટા
૩. રમેશકુમાર રસીકલાલ પોમલ
૪. વિકાસકુમાર ભગવાનદાસભાઈ બારમેડા
૫. હિતેશકુમાર રસીકલાલ પોમલ
૬. ચેતન કાંતિલાલ બારમેડા
૭. મયુરકુમાર મનસુખલાલ બારમેડા

તા. ૩૧-૧૨-૨૦૦૫ના રોજ શ્રી મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ દ્વારા આનંદ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં રંગારંગ કાર્યક્રમ, બ્રેક ડાન્સ તથા અન્ય પ્રતિયોગીતાઓનું આયોજન કરવામાં આવ્યું તથા મહિલા મંડળ દ્વારા ચૂંટણી કરેલ જેમાં સર્વસંમતિથી શ્રીમતી શોભનાબેન જયેશકુમાર પોમલને પ્રમુખપદે નિયુક્ત કરેલ.

મહિલા મંડળના અન્ય પદાધિકારીઓની સૂચિ નીચે મુજબ છે.

૧. શ્રીમતી શોભનાબેન જયેશકુમાર પોમલ - પ્રમુખ
૨. શ્રીમતી પૂર્ણિમાબેન જુગલકિશોર બુધ્ધભટ્ટી - ઉપપ્રમુખ
૩. શ્રીમતી નીતાબેન નીલેશકુમાર બુધ્ધભટ્ટી - મંત્રી
૪. શ્રીમતી યશવંતીબેન પ્રવીણભાઈ પોમલ - ખજાનચી
૫. શ્રીમતી ભાવનાબેન કૌશિકકુમાર કટ્ટા - સહમંત્રી
૬. શ્રીમતી નીરૂબેન ધનસુખલાલ બારમેડા - સહ ખજાનચી

● *સભ્યો :*

૧. શ્રીમતી પુષ્પાબેન મનસુખલાલ બારમેડા
૨. શ્રીમતી રંજનબેન મગનલાલ બારમેડા
૩. શ્રીમતી નયનાબેન પ્રકાશકુમાર બારમેડા
૪. શ્રીમતી ઉર્મિલાબેન બિપીનકુમાર બારમેડા




**પ્રકાશ ભગતલાલ બારમેડા**
**પ્રમુખ**
**મો. ૯૮૨૬૩ ૦૮૨૦૮**



**કૌશિક કિશોરભાઈ કટ્ટા**
**ઉપપ્રમુખ**
**મો. ૯૮૨૭૧ ૭૬૫૧૨**



**કમલેશ નરોત્તમભાઈ બીજલાણી**
**સચિવ**
**મો. ૯૪૨૫૫ ૫૫૫૬૨**



**ભરત નરસિંહભાઈ સકરીયા**
**સહ સચિવ**
**મો. ૯૨૨૯૪ ૩૩૮૮૯**



**નીલેશ ભરતભાઈ બુધ્ધભટ્ટી**
**ખજાનચી**
**ફોન : ૦૭૭૧-૨૫૩૩૩૧૧**



**પ્રફુલ મગનભાઈ બારમેડા**
**સહ ખજાનચી**
**મો. ૯૩૦૦૬ ૭૦૨૭૦**



**શોભનાબેન પોમલ**
**મહિલા મંડળ પ્રમુખ**
**મો. ૯૮૨૬૪ ૫૭૫૫૬**



**નીતાબેન બુધ્ધભટ્ટી**
**મહિલા મંડળ સચિવ**
**મો. ૯૮૯૩૨ ૦૦૬૫૦**

૫. શ્રીમતી ચંદ્રિકાબેન અનિલકુમાર બારમેડા

૬. શ્રીમતી હીનાબેન ચંદ્રકાંતભાઈ બારમેડા

૭. શ્રીમતી મંજુલાબેન જયસુખલાલ પોમલ

૮. શ્રીમતી મીતાબેન અશોકકુમાર બુધ્ધભટ્ટી

શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર દ્વારા તા. ૧૩-૧-૨૦૦૬ના રોજ માં કાલીકા માતાની પૂજા તથા પાટોત્સવનું આયોજન કરેલ. જેમાં સમાજના સમસ્ત સદસ્યોએ સહપરિવાર ભાગ લીધેલ. આ કાર્યક્રમ શ્રી છગનલાલ કલ્યાણજી બારમેડા દ્વારા પ્રાયોજીત કરવામાં આવેલ. આ કાર્યક્રમનો પ્રારંભ સવારે ૯.૦૦ કલાકે પૂજા દ્વારા થયેલ. ત્યારબાદ હવન તથા આરતી કરેલ. ત્યારબાદ મહિલા મંડળ દ્વારા વિશેષ ગરબા રાસની પ્રસ્તુતિ રાખેલ હતી. બપોરે ૧.૩૦ કલાકે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવેલ હતું. બપોરે ૩.૦૦ કલાકે સામૂહિક દાંડિયારાસ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં મહિલા મંડળના મંત્રી શ્રીમતી નીતાબેન બુધ્ધભટ્ટીએ સમાજના સદસ્યોને કાર્યક્રમ સફળ બનાવવા માટે આભાર વ્યક્ત કર્યો. ત્યારબાદ અલ્પાહાર સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુરની પરિચય પત્રિકા ટુંક સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

***કમલેશ બીજલાણી - મંત્રી***

## ગુરૂ વંદના

*गुरु ब्रह्मा गुरुविष्णुं गुरुर्देवो महेश्वरः ।*
*गुरु साक्षात् परब्रह्म तस्मै श्री गुरुवे नमः ॥*


- ❖ ગુરૂ શબ્દમાં આવેલો “ગુ”નો અર્થ છે અહંકાર - અજ્ઞાન અને “રૂ”નો અર્થ છે દૂર કરવું - નાશ કરવો.
- ❖ અંધકાર રૂપી અંધકારનો નાશ કરવાનો કારણ એ જ ગુરૂ.
- ❖ જીવનો સંસાર સાગરથી પાર ઉતારવાના પુરૂષાર્થમાં જે અવિરત છે તે ગુરૂદેવ.
- ❖ જીવોમાં પરમ તત્ત્વ માટે જીજ્ઞાસા જાગૃત કરે છે. જાગૃત જીજ્ઞાસાને પુષ્ટ કરે છે અને લક્ષ્ય સિધ્ધ કરાવી દે એ ગુરૂદેવ.
- ❖ ગુરૂદેવ એ કે જેના પ્રત્યે સહજ જ વિશ્વાસ જન્મે.
- ❖ એમની વિદ્યમાનતા અને સ્મરણથી જ સ્વાભાવિકપણે પ્રસન્નતા જન્મે.
- ❖ એમની પાસે જવાનું મન થાય ત્યારે જાણવું કે પૂર્વ સંસ્કારોથી તમે એમની સાથે કોઈપણ પ્રકારે સંબંધિત છો.
- ❖ શિષ્યોના આરાધ્ય ગુરૂદેવ છે. પણ દેશકાળના પ્રભાવથી, દોષ બુધ્ધિની પ્રધાનતા થકી એ બનવું મુશ્કેલ છે. અર્જુન જેવા પરમ ભક્તને પણ ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેનો ભક્તિભાવ ઢંકાઈ રહ્યો.
- ❖ ગુરૂ શિષ્યનો સંબંધ કેવળ પ્રેમ પર છે. જ્યાં સુધી તમારી નિષ્ઠા અને શ્રધ્ધા હશે ત્યાં સુધીનો સંબંધ.

JEWELLERS
P
B
J
PRAKASH KUMAR BHAGATLAL
B A R M E D A
NEAR GIRDHAR BHAWAN, SADAR BAZAR,
RAIPUR (C.G.) PH. : (0771) 2555669
KDM 100% वापसी के आभूषण बनाये जाते हैं।

## વ્યક્તિ વિશેષ

# સંન્નિષ્ઠ જ્ઞાતિ કાર્યકર : શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલભાઈ સોલંકી

કુ. એકતા કટ્ટા - અંજાર



શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનાં સર્વાધિક જ્ઞાતિજનોનો ભુજમાં વસવાટ છે. અહીંની શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલભાઈ સોલંકી છે. તેઓશ્રી આપણા સર્વે જ્ઞાતિજનોનાં આદરણીય અને શ્રધ્ધેય છે. આ સર્વપ્રિય જ્ઞાતિ વડીલે ભુજની જ્ઞાતિને સુસંગઠિત કરી, વિકાસનાં નવા સોપાનો અર્જીત કર્યા છે. એમના નેતૃત્વ હેઠળ, જ્ઞાતિ એક સંયુક્ત પરિવાર માફક રહી છે. તમામ કાર્યકરોએ એક સૂત્રે જ્ઞાતિ હિતનાં કાર્યોના અવનવા સોપાન સર કર્યા છે. આવા સંન્નિષ્ઠ અને આર્ષદષ્ટા જ્ઞાતિ વડીલનો આછો પરિચય આપવાનો મારો આ નમ્ર પ્રયાસ છે.

- **કૌટુંબિક પરિચય :**

'અમુભાઈ' અથવા 'અમુકાકા'ના હુલામણાં નામથી જાણીતા શ્રી અમૃતલાલભાઈનો જન્મ તા. ૨૫-૨-૧૯૪૭નાં રોજ ભુજમાં થયો. પિતાશ્રી જેઠાલાલભાઈ નાનજીભાઈ સોલંકી અને માતુશ્રી શ્રીમતી ધનુબેન જેઠાલાલ સોલંકીના આઠ સંતાનોમાં શ્રી અમુભાઈ સૌથી મોટા છે. શ્રી અમુભાઈના છ ભાઈ તથા એક બહેન છે.

તેઓનાં ધર્મપત્ની શ્રીમતી મંજુલાબેન, અંજારના અગ્રણી સ્વ. શ્રી વેલજીભાઈ જાદવજીભાઈ બારમેડાનાં સુપુત્રી છે. શ્રી અમુભાઈના ચાર સંતાનોમાં ત્રણ પુત્રો અને એક પુત્રી છે. શ્રી અમુભાઈનાં ચારેય સંતાનો પરીણિત છે.

આપણી જ્ઞાતિની પરંપરા મુજબ શ્રી અમુભાઈએ પણ પ્રાથમિક અભ્યાસ પૂરો કરી દસ વર્ષની નાની વયે જ પૈતૃક વ્યવસાયનું શિક્ષણ મેળવ્યું.

- **વ્યવસાયિક પરિચય :**

શ્રી અમુભાઈનો પૈતૃક વ્યવસાય પિત્તળ ઢાળવાનું (કાસ્ટીંગ) તથા રૂપા - ચાંદીના તોડાં બનાવવાનો વ્યાપાર છે. 'અમુભાઈ - તોડાવાળા' એમની ખાસ ઓળખ છે.

આરંભમાં એમણે વ્યવસાયિક ક્ષેત્રે પ્રગતિ થાય તે માટે - આપણી જ્ઞાતિના અનેક પરિવારોની માફક રાયપુર (છત્તીસગઢ)માં ૧૯૬૯ અને ૧૯૭૪-૭૫માં સફળ પ્રયાસો કર્યા. ત્યાં એમણે "આશાપુરા ઈન્જિનીયરીંગ વર્કશોપ"ની સ્થાપના પણ કરી હતી. પણ છેવટ કચ્છમાં જ વ્યવસાયિક રીતે સ્થિર થયા.

- **સામાજીક જ્ઞાતિ કાર્યોમાં રસ :**

શ્રી અમુભાઈ ૧૯૬૨થી સામાજીક કાર્યો સાથે સંકળાયેલા છે. શરૂઆત ભુજના પીરચોક યુવક મંડળની ગરબીના આયોજનથી અને શ્રી શાંતિલાલ માવજી બુધ્ધભટ્ટી, કે જેઓ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિની લગ્નવાડીનો વહીવટ સંભાળતા હતા તેમની સાથે મિત્રતાથી થઈ.

ત્યારબાદ એમનું છ જણનું સંગઠન બન્યું અને ૧૯૮૫માં આપણી જ્ઞાતિના પ્રથમ "સમૂહ લગ્ન"નું સફળ આયોજન કર્યું. પ્રગતિશીલ વિચારસરણીને પ્રારંભે જે પ્રતિક્રિયાનો સામનો કરવો પડે, તે શ્રી અમુભાઈને પણ કરવો પડ્યો. પરંતુ આપણી જ્ઞાતિના વડીલોએ એમનું 'વજુદ' પિછાણી એમની કન્વીનરપદે નિયુક્તિ કરી અને પ્રથમ સમૂહ લગ્ન સમિતિનું ગઠન થયું. અને અનેક અવરોધો વચ્ચે પણ 'સમૂહ લગ્ન'ની 'સમય માંગ' સમાજને સ્વીકારવી પડી. આમ 'અમુભાઈ' આપણી જ્ઞાતિના સમૂહ લગ્ન પ્રણેતા થયા અને છેલ્લા ૨૦ વર્ષમાં શ્રી અમુભાઈના નેતૃત્વ હેઠળ ચૌદ વખત સમૂહ લગ્નનું સફળ સંચાલન થયું.

તેઓશ્રી જ્ઞાતિના સહમંત્રી થયા અને જ્ઞાતિનાં કાયમી શૈક્ષણિક ફંડનાં ચેરમેન પદે તથા યુવક મંડળના મંત્રી પદે પણ એમણે નોંધપાત્ર યોગદાન આપ્યું.

અમુભાઈનું સૌથી મહત્ત્વનું 'યોગદાન' પરંપરાગત 'વાલીમંડળો'ને સ્થાને જ્ઞાતિ કાર્યો ઉગતી પેઢીના હાથમાં સોંપી વડીલ તરીકે 'માર્ગદર્શક' અને 'પ્રોત્સાહક'ની ભૂમિકા અદા કરવાની નવી પરંપરા એમણે દાખલ કરી. સુષુપ્ત અવસ્થામાં પડેલા જ્ઞાતિ યુવક મંડળનું પુનઃ સચેતન કર્યું. શ્રી રમેશ રતિલાલ બારમેડાનાં પ્રમુખપદે યુવક મંડળની ધૂરા સોંપી અનેક સામાજીક કાર્યોને વેગ આપ્યો. જેમાં યુવક મંડળના હોલનું નિર્માણ કાર્ય, અખિલ કચ્છ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન, ક્રિકેટ - ચેસ - ટેબલ ટેનીસની વિવિધ સ્પર્ધાઓ, પ્રશ્ન મંચ, મહિલાઓ માટે વાનગી સ્પર્ધાઓ, સીવણ, ભરત-ગૂંથણનાં વર્ગો, વિવિધ ધોરણો માટે ટ્યુશન ક્લાસ જેવા વિભિન્ન કાર્યોને વેગ મળ્યો. ભૂકંપધ્વસ્ત જ્ઞાતિ મંદિરોના નવસર્જનમાં એમના 'યોગદાન' વિશે તો આપણી સમસ્ત જ્ઞાતિ સુપરિચિત છેજ.

- **આગામી જ્ઞાતિ કાર્યો :**

આગામી કાર્યો માટેની એમની અપેક્ષાઓ શું છે તે વિશે પૂછતાં તેમણે કહ્યું કે, જ્ઞાતિજનોના સહકારથી, 'જ્ઞાતિ સંકુલ પરિસર', 'વ્યવસાયિક સંકુલ' અને નિરાધાર વડીલો માટે

'આવાસ સંકુલ'ની આવશ્યક્તા પર ભાર મૂક્યો હતો. જ્ઞાતિ મંદિરનું પુનઃ નિર્માણનું કાર્ય જે પૂર્ણતાને આરે છે, તે માટે જ્ઞાતિજનોનાં અભૂતપૂર્વ સહકાર મળતાં અમુભાઈ હવે આગામી આયોજનો માટે આશાવાદી અને ઉત્સુક છે. મંદિર પુનઃ નિર્માણ કાર્ય સંપન્ન થતાં નવા આયોજનો, જ્ઞાતિ ટ્રસ્ટ સમક્ષ રજૂ કરશે.

- **જ્ઞાતિ કાર્યોમાં 'મહત્ત્વપૂર્ણ' સિધ્ધિ :**

'જ્ઞાતિની સૌથી મહત્ત્વપૂર્ણ સિધ્ધિ કઈ માનો છો?'ના જવાબરૂપે શ્રી અમુભાઈએ કર્યું કે, 'શ્રી મારૂ સોની જ્ઞાતિ ટ્રસ્ટ તથા શ્રી મારૂ કંસારા જ્ઞાતિ ટ્રસ્ટનું એકીકરણ સર્વાધિક મહત્ત્વપૂર્ણ સિધ્ધિ છે. તદુપરાંત આપણી જ્ઞાતિનાં શ્રી આશાપુરા ટ્રસ્ટ, નાના ફળીયાનું પણ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટમાં વિલીનીકરણ, બીજી મહત્ત્વની સિધ્ધિ છે.'

- **જ્ઞાતિ કાર્યોમાં 'અસફળતા' :**

જ્ઞાતિ કાર્ય ક્ષેત્રે ક્યાં 'અસફળ' રહ્યા, તે વિશે તેમણે જણાવ્યું કે યુવક મંડળ દ્વારા જ્ઞાતિનું વસ્તીપત્રક તથા તેનું 'સૂવેનિયર'નું પ્રકાશન કાર્ય હાથ ધરાયું હતું. પરંતુ માહિતી એકત્ર હોવા છતાં તેનું પ્રકાશન કાર્ય અધૂરું રહ્યું અને માહિતી ફરી એકત્ર કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

પોષ સુદ ચૌદસનાં માતાજીનાં પાટોત્સવ વખતે જાહેર ઠરાવ પસાર કરી જ્ઞાતિ માટે 'વ્યસન મુક્તિ દિન' જાહેર થયો છે. તેની ઉજવણી રૂપે એક 'વ્યસન મુક્તિ પ્રતિજ્ઞાપત્ર' તૈયાર અને વિતરણ કરાવ્યું જેમાં વ્યસનનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લેવાનો ઉલ્લેખ હતો. આ પ્રતિજ્ઞાપત્ર ભરી ચૌદસનાં દિવસે માતાજી સમક્ષ મૂકી દેવાનું હતું. પરંતુ એમના સિવાય કોઈએ આ પ્રતિજ્ઞાપત્ર મૂક્યું નહોતું. આ બાબતે એમને ખૂબ ખેદ છે.

- **સફળતાનું રહસ્ય :**

જ્ઞાતિ કાર્યોની સફળતાનું રહસ્ય જણાવતાં શ્રી અમુભાઈએ કહ્યું કે, 'જ્ઞાતિ કાર્યો માટે અમારૂં બારથી પંદર જણનું સંગઠન છે, જે ૧૯૮૯થી બધા જ કાર્યોમાં અમે બધા સાથે રહીએ છીએ. અમે 'સંઘ શક્તિ' (Team Spirit)ને કેન્દ્ર સ્થાને મૂકી જ્ઞાતિ કાર્યો કરીએ છીએ. હું આપણી જ્ઞાતિ સિવાય બીજા કોઈ સંગઠનમાં સક્રિય નથી. અને મારા પરિવારના સર્વે સભ્યો પારિવારિક કાર્યો સંભાળી લેતાં હું જ્ઞાતિ કાર્યો માટે ઉચિત સમય આપી શકું છું.'

શ્રી અમુભાઈ જ્ઞાતિ કાર્યોની સફળતાનો યશ હંમેશા વ્યક્તિગત ન લેતાં તેમની 'ટીમ'ને આપે છે અને કદાચ આ જ એમની સફળતાનું રહસ્ય છે. તેમની આ સરળતાને લીધે જ તેઓ જ્ઞાતિજનોના પ્રેમ અને વિશ્વાસપાત્ર બન્યા છે.

- **આદર્શ :**

શ્રી અમુભાઈ આપણી જ્ઞાતિનાં વડીલ શ્રી ગીરધરલાલ ધારશી બુધ્ધભટ્ટીની નિઃસ્વાર્થ સેવાથી પ્રભાવિત થયા છે. તેમજ એમના 'આદર્શ' તરીકે શ્રી વેલજી આણંદજી ચનાણી પરિવારનાં શ્રી જટુભાઈ વેલજીભાઈ ચનાણી છે. તેમના સુપુત્ર શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણીથી પણ તેઓ વિશેષપણે પ્રભાવિત છે. શ્રી ચંદ્રકાંતભાઈ વિશે જણાવતાં તેઓ કહે છે કે, કશાય આડંબર કે અભિમાન વગર, આટલા વ્યસ્ત જીવનમાં પણ તેઓ પ્રામાણિકપણે જ્ઞાતિ કાર્યો કરી રહ્યા છે. તેઓનાં આ ગુણને હંમેશા ધ્યાનમાં રાખીને જ્ઞાતિ કાર્ય કરૂં છું.

શ્રી જટુભાઈ વિશે શ્રી અમુભાઈ જણાવે છે કે 'જ્ઞાતિ સંબંધી કોઈ પણ બાબતની સાચી સલાહ અને જૂનામાં જૂની અને પૂરેપૂરી માહિતી શ્રી જટુભાઈ પાસેથી મળી શકે છે. જ્ઞાતિ કાર્યો માટે જ્ઞાતિને સંપત્તિ અને સમય જ નહીં પરંતુ સંતતિરૂપે શ્રી ચંદ્રકાંતભાઈ જેવા 'વ્યક્તિત્વ'નું પણ મહત્વપૂર્ણ યોગદાન એમણે આપ્યું છે, જે મારા માટે સતત પ્રેરક બળ બનતું રહ્યું છે.

- **ભાવિ પેઢીને સંદેશ :**

એમની જ્ઞાતિજનો માટે સૌથી મહત્ત્વની 'શીખ' સંગઠનની છે. જે નામની પાછળ આપણે કંસારા કે સોની લખીએ છીએ તેનું ઋણ ચૂકવવાનું દરેકને હોય જ છે, તો તે ઋણ રૂપે કોઈપણ પ્રકારનાં વ્યક્તિગત લાભની અપેક્ષા રાખ્યા વગર સંગઠનને સમર્પિત રહી, જ્ઞાતિહિત અર્થે નાનું મોટું કાર્ય કરવું. એમની બીજી શીખ યુવાનો માટે છે. આપણા સોના-ચાંદી - કાંસા પિત્તળના કસબને આધુનિક ટેક્નોલોજી અપનાવી - આપણી પ્રોડક્ટ્સનું Value Addition કરવા પ્રયત્નો કરવા - જેથી હરીફાઈના આજના યુગમાં આપણો કસબ, વ્યાપાર અને આપણે ત્રણે ટકી શકીએ.

સંઘ શક્તિ કલિયુગૈઃ ના સિધ્ધાંતના હિમાયતી એવા આપણા આ સંન્નિષ્ઠ અને સરળ જ્ઞાતિ કાર્યકરને શતઃ શતઃ અભિનંદન તથા તેઓ વિવિધ જ્ઞાતિ કાર્યો દ્વારા આપણી જ્ઞાતિને વિકાસનાં વિવિધ સોપાનો સર કરાવતા યુવાવર્ગને ચેતના પ્રદાન કરતા રહે તેવી અપેક્ષા સહ. ■

## સદ્‌ગુરૂ કોણ?

- ❖ એ કે જે નિર્લોભી હોય, દાની હોય અને ભય તથા શોક દૂર કરવા સમર્થ હોય.
- ❖ સદ્‌ગુરૂની પ્રાપ્તિ એ જીવનને પુનર્જન્મ છે.
- ❖ પ્રસન્નતા તો મનની સર્વદાની એકરસ શાંત અવસ્થા છે. એને માટે ચિત્તશુદ્ધિની પરમ આવશ્યક્તા છે. ચિત્તશુધ્ધિ શુભ કર્મના અનુસરણથી પ્રાપ્ત થાય છે. શુભ કર્મ ઈશ્વર કૃપાથી થાય છે. હરિ સ્મરણ પુરૂષાર્થથી થાય છે. આ પુરૂષાર્થ સદગુરૂ દ્વારા પ્રાપ્ત થાય છે. સદ્‌ગુરૂ શરણ વિના સાધન માર્ગ મળવો દુર્લભ છે.

# મારા સમાજની ઉન્નતિ માટે હું શું કરી શકું?

રીંકુલ સંજયભાઈ બારમેડા - અંજાર

મારૂ કંસારા સોની જ્ઞાતિ એ મારી ઓળખાણ છે. હું સમાજનો એક અંગ છું. મારે મારા સમાજની ઉન્નતિ થાય એવો હું તન-મન-ધનથી પ્રયત્ન કરીશ. તો પહેલું 'તન' જે મારું શરીર, જે હું તંદુરસ્ત રાખીશ. જ્યારે હું સ્વસ્થ હોઈશ તો મારા સમાજનું કોઈપણ કામ હું આળસ વગર અને ઉત્સાહથી કરીશ. સમાજના દરેક કામ જેમાં ઉન્નતિ થાય એવી સમજણ મારા વડીલો તથા સમાજના કાર્યકર્તાઓ પાસેથી શીખીશ. મારી ઉંમર ૧૬ વર્ષની છે. આ વયમાં નાજુક દોરથી પસાર થવું પડે છે છતાં મારા સમાજની ઉન્નતિ માટે હું સતત જાગૃત રહું એવી કોશિષ કરીશ.

બીજું મન. હું ભણીને આગળ વધું અને સારા વિચારોથી મારા સમાજનાં કાર્યમાં રહું. હું પ્રભુ પાસે એ જ માગું કે મને સારા કામ કરવા દે. જેમાં મારા સમાજની ઉન્નતિ હોય. એવા કામ હું પ્રેમ અને લાગણીથી કરૂં.

ત્રીજું ધન. જે હું ખૂબ મહેનતથી કમાઉં અને જે સેવા મારા સમાજને આપું તેમાં નિઃસ્વાર્થભાવ હોય. મારા સમાજને ગૌરવશાળી બનાવવા માટે પ્રયત્ન કરીશ. વ્યક્તિ અને સમાજ બે પૈડા છે. જેના સુસંચાલનની ધરી કુટુંબરૂપી સંસ્થાને જ માનવામાં આવે છે. આ હકીકત સમજી શકાય તો દરેક યુવકને સમર્થ અને સુસંસ્કૃત રહી સમાજનાં દરેક કાર્યમાં સમર્થન આપવું જોઈએ. મનુષ્ય એક સામાજીક પ્રાણી છે. તે કદી એકલો રહી શકતો નથી. તેનો સંબંધ સમાજ સાથે હોય છે. સમાજના સહકારથી મનુષ્ય પોતાના જીવનની પ્રવૃત્તિઓને યોગ્ય રીતે ચલાવી શકે છે. સામાજીક સંગઠન ખૂબ જરૂરી છે. સામાજીક સંગઠન નિર્બળ માનવીને પણ બળવાન અને અશક્ત માનવીને શક્તિશાળી બનાવી દે છે. સદ્‌ગુણોવાળા થોડા પણ મનુષ્યનું સંગઠન બને તો તે સમાજ માટે ખૂબજ કલ્યાણકારી થાય છે.

સમાજની ઉન્નતિ માટે કોઈ એક વ્યક્તિ કાર્ય ન કરી શકે. હવાઈ જહાજ ઉડાડવા માટે એક પાઈલોટ હોય છે પણ શું તે એકલો જ આ કાર્ય કરી શકતો હોય છે? એન્જીનીયરોની એક લાંબી ફોજ, રડાર, ટેલીફોન, વીજળી વગેરેના કુશળ કર્મચારી બધાનો સહયોગ રહે છે. માટે મારા સમાજ માટે અને ઉન્નતિ માટે હું શું કરી શકું? એ એક અહમ્ ભાવના છે. જો આજની યુવા પેઢીનું સંગઠન હોય તો તે સમાજને સારી પ્રગતિ અને ઉન્નતિ લાવી શકે છે. સંગઠનનાં ત્રણ તત્ત્વો છે : વિચારોની એકતા, હૃદયની એકતા અને મનની એકતા. હંમેશા બીજાની ભલાઈનું ધ્યાન રાખવું. પોતાનો કે પોતાના સ્વાર્થ કે હિતોમાં લાગી રહેવું નહીં. પણ સમાજની ઉન્નતિ માટે વિચારવું. સમાજમાં બધાની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી. સમાજને અધઃપતન તરફ જતા રોકવું એ આપણો ધર્મ છે. આપણા સમાજના કુરીવાજો પ્રત્યે પણ ધ્યાન આપવું જરૂરી છે. સમાજનો દરેક નાગરિક પણ માનવીય જવાબદારીથી લદાયેલો છે. સમાજનો પ્રત્યેક નાગરીક પોતાની સામાજીક જવાબદારી પ્રત્યે સજાગ રહે અને સચેત રહે તો પોતાના સમાજની પ્રતિષ્ઠા વધારે છે. સમાજમાં ચારેબાજુ સુખ-શાંતિનું વાતાવરણ બને અને બધા પ્રગતિના માર્ગ પર સરળતાપૂર્વક ચાલી શકે એ માટે જરૂરી છે કે આપણે બધા પોતાના કર્તવ્યોને સારી રીતે સમજી શકીએ. પોતે પોતાના આચરણ દ્વારા સમાજની સામે આદર્શ રજૂ કરે. બીજાઓની તકલીફો જોઈને પોતે પોતાની સગવડોમાં કામ મૂકવો પડે છે અને સમાજ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવવાનો આદર્શ રજૂ કરવો પડે છે. ભારતીય સમાજશાસ્ત્રમાં ત્યાગનું સ્થાન ઘણું જ મહત્ત્વનું છે. ત્યાગમય જીવનને જ અહીં સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. સમાજમાં દાન કરવું સારૂં છે. દાની પુરૂષ દાન કરી શકે છે પણ ત્યાગી પુરૂષ ઘણાં સારા અને શ્રેષ્ઠ કાર્યો કરી કે છે. સમાજને એવા યોગ્ય માનવીનું સન્માન કરવું જોઈએ, જે આપણી એકતા અને અખંડતાને નિભાવી શકે. હું મારા સમાજની ઉન્નતિ માટે શું કરી શકું તો હું મારૂં જીવન સારા વિચારોથી શ્રેષ્ઠ બનાવી અને આપણા કુટુંબરૂપી સમાજનાં યુવકો સુધી પહોંચાડવાની કોશિષ કરીશ. આપણો સમાજ કસોટી પર ચાલી રહ્યો છે. આજની આવી વિષમ પરિસ્થિતિઓમાં લોકોના વિચારોને, તેમની સમજદારીને, શિક્ષિત કરવાની અત્યંત જરૂરિયાત છે. તેઓનો ઉત્સાહ અને કર્મનિષ્ઠા જાગૃત થશે ત્યારે સમાજ ઐશ્વર્યવાન બનશે.

સત્ય અને જ્ઞાનનાં સદ્ઉપદેશથી સમાજની વિકૃતિઓને દૂર કરે છે. પોતાના સમાજને બચાવવા પરશુરામે એવા સમયમાં માળા ખૂંટી ઉપર લટકાવી, ફરસી હાથમાં લીધી હતી તો આવા મહાન દિવ્ય પુરૂષના આદર્શ, વિવેક, વિચાર અને વર્ચસ્વ મારા જીવનમાં ઉતારવાની કોશિષ કરી અને મારા સમાજનાં કામ કરવાની મને તક મળે તો હું મારા જીવનને ધન્ય માનીશ. ■

# આપણા પૂર્વજોનો ઇતિહાસ

પ્રવીણચંદ્ર મોહનલાલ બગ્ગા

*પ્રસ્તુત લેખ આપણી જ્ઞાતિના ઉદ્‌ભવનો આછો ખ્યાલ આપે છે. લેખક શ્રી પ્રવીણચંદ્ર મોહનલાલ બગ્ગા નેચર એન્થ્યુઝીએસ્ટ અને પિરામિડોલોજીસ્ટ છે. તેઓશ્રી કચ્છ ઇતિહાસ પરિષદના લાઈફ મેમ્બર છે.*

*- મુખ્ય તંત્રી*

● **ઇતિહાસનું મહત્ત્વ :**

શ્રી કચ્છી મારૂ કંસારા સોની સમાજ ઇતિહાસ ૧૫૦૦-૨૦૦૦ વર્ષ પુરાણો છે જે હજુ અધૂરો જ છે. આગળ સંશોધનની આવશ્યક્તાનો બધા સ્વીકાર કરે છે.

મારૂ કંસારા સોનીનો બ્રાહ્મણ વર્ગ સંબંધ આપણે "મારૂ કંસારા સોની" એ બ્રાહ્મણ સ્વર્ણકાર (બ્રાહ્મણ સોની) છીએ. આપણે મૂળ બ્રાહ્મણ હતા. કાળક્રમે આપણે જીવીકા તરીકે સ્વર્ણ કામગીરી અપનાવતાં "સોની" તરીકે ઓળખાયા. શ્રીમાળી બ્રાહ્મણ તથા પુષ્કર્ણા બ્રાહ્મણની (અનુક્રમે શ્રીમાલનગર અને પુષ્કર તીર્થના વતની બ્રાહ્મણ) ઋષિ આપણા ગોત્ર ૧૪ છે તથા ૮૪ અટક પ્રચલિત. અત્યારે ઓછી છે જેવી કે ભારદ્વાજ, શાંડિલ્ય, પરાસર, કપિલ, હરિતસ, સનક, કશ્યપ, કૌશિક, વત્સ, ગૌતમ, ઉપમન્ય, વશિષ્ઠ વિગેરે.

આપણા ધર્મશાસ્ત્રોમાં ચાર વેદ : સામવેદ, ઋગ્વેદ, અથર્વવેદ, યજુર્વેદ તથા થોડા ઉપવેદ પણ છે. ૧૮ મહાપુરાણ છે (પદ્મ, વિષ્ણુ, શિવ, નારદ, માર્કંડેય, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિંગ, અગ્નિ, વરાહ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરૂડ, બ્રહ્માંડ, શ્રીમદ્ ભાગવત તથા સ્કંધપુરાણ) ઉપપુરાણ પણ ૧૮ છે.

● **સ્કંદપુરાણનું સાક્ષ્ય :**

આમાં આપણા ઇતિહાસને જાણવા માટે સ્કંદપુરાણ જોવું જરૂરી છે. તેના શ્લોક ૮૧,૧૦૦ છે. વેંકટેશ્વર પ્રેસ મુંબઈ તથા નવલકિશોર પ્રેસ લખનૌએ છાપ્યું છે. અત્યારે તે અપ્રાપ્ય છે. પરંતુ ગીતા પ્રેસ - ગોરખપુરનું પ્રકાશિત સ્કંદપુરાણ ઉપલબ્ધ છે. આ પુરાણમાં ભારતના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ બધા જ તીર્થોના વર્ણન છે. તેના દસ ખંડ આ પ્રકારે છે : કેદાર ખંડ, કુમારિકા ખંડ, અરૂણાચલ, ઉત્કલ, પુરૂષોત્તમ મહાત્મ્ય, સેતુ મહાત્મ્ય, બ્રહ્મોત્તર, કાશી, અવંતિ તથા રેવાખંડ છે. એમાં બ્રહ્મોત્તર ખંડમાં શ્રી શ્રીમાલ નામના મહાત્માનું વર્ણન છે કે ધર્મરાજે અહીં ઘોર તપસ્યા કરી શિવને પ્રસન્ન કર્યા હતા. આ જગ્યા ધર્મારણ્ય તરીકે ઓળખાઈ. તે સમયે ત્યાં ૨૪ ઋષિ રહેતા હતા. ભારદ્વાજ, વત્સ, કૌશિક, કુશ, શાંડિલ્ય, કશ્યપ, ગૌતમ, જાતુકણ્ય, વશિષ્ઠ, ધારણ, આંચય, ભાણ્ડિલ, લૌકિક, કૃષ્ણાયન, ઉપમન્યુ, ગાર્ગેય, મુદ્‌ગલ, ભૌષક, પુણ્યાસન, પરાશર, કૌડિન્ય આદિ હતા. આ બધા બ્રાહ્મણ ઋષિગ સાત્ત્વિ, સદાચારી તથા ધર્મપરાયણ હતા. ત્યાં રાક્ષસો આદિના ઉપદ્રવથી ઋષિગણ દૂર-દૂર જગ્યાએ રહેવા લાગ્યા. વિક્રમ સંવત ૧૨૦૩ વૈશાખ શુક્લ આઠમના બ્રાહ્મણોએ પોતાની કુળદેવી લક્ષ્મીજીની મૂર્તિ લઈને પાટણ - ગુજરાતમાં નિવાસ કર્યો. એ સમયે બધા બ્રાહ્મણો અલગ અલગ થઈ ગયા અને અલગ અલગ નામોથી પ્રસિદ્ધ થયા. અત્યારે બ્રાહ્મણોની ૧૦૦૦થી વધુ જાતિઓ છે.

● **વિશિષ્ઠ ગોત્ર :**

નવનાથ ચરિત્રમાં વર્ણન છે કે ગોરખનાથનો આવિર્ભાવ બંગાળના "વશિષ્ઠ ગોત્ર" બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. કાળક્રમે એ વશિષ્ઠ ગોત્રીય બ્રાહ્મણના વંશજો રાજસ્થાનમાં સ્થાઈ થયા અને તેમણે આજીવિકા હેતુ સુવર્ણ કસબ અપનાવ્યો. આ વશિષ્ઠ ગોત્રના 'બગજી'ના વંશજો બગ્ગા તરીકે ઓળખાય છે.

આ શાસ્ત્રોક્ત પુરાવા સાથે આપણને મળતા ઐતિહાસિક આધાર મુજબ ઈ.સ. ૧૦૦૦માં મહમુદ ગઝનવી હિંદ પર ચઢી આવ્યો. ઈ.સ. ૧૦૦૦થી ૧૦૨૭ સુધીમાં ૧૭ વખત તેણે ચડાઈ કરી હતી. એની પ્રત્યેક ચડાઈ હિંદુસ્તાનના લોકો માટે શાપરૂપ હતી. જ્યાં જ્યાં એ જતો ત્યાં લુંટ અને સંહાર ઉપરાંત જનૂની ધર્મ પરિવર્તન પણ થતું. આ ત્રાસજનક પરિસ્થિતિમાંથી ઉગારવા આપણા સમાજ ઉપરાંત રાજસ્થાન, દિલ્હી, હરીયાણા પંથકમાં વસતી બધી કારીગર કોમો ગુર્જર, સુથાર, પંચાલ, પટેલ, રબારી, વાદી વગેરે ગુજરાત તથા ખાસ કરીને કચ્છમાં સ્થાઈ થઈ. કેમકે કચ્છ રણ ઉપરાંત દરિયાઈ સીમાથી સુરક્ષિત સ્થાન હતું. આજે કચ્છના બીજા ભાગો સાથે જોડતો સૂરજબારી પૂલ છેક આઝાદી પછી ૧૯૬૮-૭૦ના ગાળામાં બંધાયો હતો.

● **કચ્છમાં સ્થાયિત્વ :**

એક હજાર વર્ષથી પહેલાં બધી જ્ઞાતિઓ કાળક્રમે સ્થાઈ થઈ એ પહેલાં કચ્છમાં આહીર લોકોનો વસવાટ હતો જેઓ પણ ૫૫૦૦ વર્ષ પહેલાં જ્યારે કૃષ્ણ મથુરા છોડીને દ્વારકા

વસાવવા નીકળ્યા ત્યારે એમની સાથે આવેલા યાદવ - આહીરો સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છમાં રાપર, પ્રાંથળ, અંજાર, ધીણોધર, ભુજ વગેરે વિસ્તારોમાં રહેવા લાગ્યા. એ આહીરોએ મથુરા રાજસ્થાનની યાદો કાયમ થાય તે તેજ રાખ્યા. માટે તેમણે વસાવેલા ગામોના નામ પણ ત્યાં હતા. રાધાજીનું ગામ 'બરસાના' જે વરસાણા, નાગોર, સીરવા, ચિત્રોડ, પ્રતાપગઢ, વ્રજવાણી વગેરે એ રીતે ભુજ એ 'વ્રજ હોવું જોઈએ જે પ્રમાણે અપભ્રંશ થઈને વ્રજમાંથી ભુજ થયું એવું આ લેખકનું મંતવ્ય છે.

- **વંશ વહી-વંચા ભાટ :**

મારૂ કંસારા સોનીના ભાટના ચોપડે કચ્છ આવ્યાનો ગાળો સંવત ૧૨૦૦ના અરસાનો નોંધાયેલો છે. મારવાડથી નીકળ્યા ત્યારે મહાકાલીની મૂર્તિ પણ સાથે લાવ્યા. દર વર્ષે પોષ સુદ-૧૪ ના માતાજીનો પાટોત્સવ થાય છે અને તે દિવસે જ્ઞાતિનું સમૂહ ભોજન થાય છે. ભુજના ફળીયામાં આશાપુરાનું મંદિર પણ બંધાયું હતું. તેની પ્રાણ પ્રતિષ્ઠા રાવશ્રી દેશળજીબાવાએ ક્રંગના દાદા મેકણના હાથે કરાવી હતી.

- **બારમેડાની બાની :**

વિક્રમ સંવત ૭૫૬ વૈશાખ શુક્લ-૩ (અક્ષય તૃતીયા) બુધવારના જોધપુર (રાજ્ય)ના શહેર બાડમેરથી ૩૦ કિ.મી. દૂર જુના કેરાડુ ગામમાં શ્રી દેવરાજ પરમ વૈષ્ણવ ભક્ત (ગૌતમ ઋષિ ગૌત્ર) બાડમેરાના ઘેર શ્રી ધર્મસીંજીનો જન્મ થયો હતો. તેઓએ એમની વિલક્ષણ બુધ્ધિ, પિતૃભક્તિ, દયાળુતા અને સેવાકાર્યોથી આપણા સમાજમાં એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું હતું.

એ સમયે આપણી જ્ઞાતિમાં ઘણા કુરિવાજો હતા. જેમાં કન્યા વિક્રય મુખ્ય હતો. જેથી ઘણા યોગ્ય પરંતુ નિર્ધન યુવકો આજીવન કુંવારા રહી જતા હતા. આમ અનેક યુવકો અને યુવતીઓના જીવન કષ્ટમાં વ્યતિત થતા હતા. એ જોઈ ધર્મસીંજીનું હૃદય વ્યાકુળ બન્યું. તેઓએ જ્ઞાતિનું સંમેલન બોલાવ્યું. જેમાં હજારો લોકોએ ભાગ લીધો. જેનો પ્રબંધ પણ શ્રી ધર્મસીંજીએ ઘણી કુશળતાથી સ્વખર્ચે કર્યું હતું. તેઓએ ૧૫૦ સ્વજાતિની કન્યાઓના વિવાહ સ્વખર્ચે યોગ્ય યુવકો સાથે કરાવી આપ્યા. જેમાં એમણે ઘણું ધન ખર્ચ કર્યું. એ દાનવીરના ઉપકાર, પ્રેરણા અને આગ્રહથી સંમેલનમાં એકત્રિત થયેલા જ્ઞાતિબંધુઓએ કન્યા વિક્રય ન કરવાના શપથ ગ્રહણ કર્યા હતા.

આ પૂજનીય પુરૂષે ૯ ઋષિ ગોત્રની ૮૪ શાખાઓ કાયમ કરી અને સાચોરા બ્રાહ્મણોમાંથી તેમની વંશાવલીઓ તેમની વહીમાં રાખવા નિયુક્ત કર્યા. જેમને આજ ભાટરાજા તરીકે સંબોધવામાં આવે છે. તેઓ આખા દેશમાં ભરી બ્રાહ્મણ સ્વર્ણકારોને વંશાવલી સંભળાવે છે અને જીવિકા માટે દક્ષિણા પ્રાપ્ત કરે છે. પરંતુ હવે તેમને પૂરતો આદર અને દક્ષિણા મળતી ન હોવાથી તેમના વંશજોએ બીજો વ્યવસાય અપનાવ્યો છે. અત્યારના કમ્પ્યુટર - ઈન્ટરનેટના યુગમાં આપણે એ લોકોના વિશિષ્ટ પ્રદાનરૂપી બધી માહિતી Encyclopaedia રૂપે તૈયાર કરવા પ્રેરીત કરવી જોઈએ.

- **ધર્મસીંજીનું યોગદાન :**

જ્યાં સુધી જાતિના ઇતિહાસની જાણકારી છે ત્યાં સુધી શ્રી ધર્મસીંજી સર્વપ્રથમ વ્યક્તિ હતા જેમના હૃદયમાં જાતિને જાગૃત કરીને તેમાં પ્રાણ ફૂંકવાની ભાવના જગાડી. એમણે અથાક પરિશ્રમ કરીને કણ કણ વિખરાયેલી આપણી જ્ઞાતિને એકસુત્રમાં પરોવી.

શ્રી ધર્મસીંજીએ આપણા ઋષિઓની વિભિન્ન અટકોનું સંગઠન કર્યું જે નીચે મુજબ છે : (૧) અત્રિ, (૨) કશ્યપ, (૩) વશિષ્ઠ, (૪) ગૌતમ, (૫) પરાશર, (૬) ભારદ્વાજ, (૭) વત્સ, (૮) કૌશિક, (૯) હરિતસ. તદુપરાંત સમાજ વ્યવસ્થાના સુસંચાલનની દૃષ્ટિથી ૮૪ અટક સ્થાપિત કરી છે જે નિમ્ન પ્રકારે છે :

૧. ***અત્રિ :*** કથીરીઆ, કોટડીયા, નથુમલ, મીનમાલા, ભોજાલી, મંડોરા, મથુરીયા, સકરીયા ભાટી, પડિહાર, મોટેસરા.

૨. ***કશ્યપ :*** કઠડીયા, કાલા, કુંભલનેરા, કુવાહાર, પાલીવાલ, બુચા, ભજુક, લોરકા, સોલંકી, લખપાલ.

૩. ***વશિષ્ઠ :*** બગ્ગા, ઈડરીયા, ગડેસા, જસમતિયા, ડુંગરવાલ, નેપાલડિવાલ, ભાગીના, ભુપાલ, લાહેજા, બરતાડા.

૪. ***ગૌતમ :*** બાડમેરા (બારમેડા), આસોપા, ખજેડીયા, ખેડેચા, ધાંધલ, પણધારી, લાડનવાલ, લોલગ.

૫. ***પરાશર :*** ચિતરાડા, ચોતરાલા (છત્રાળા-રા), ચોવડીયા, કોકશાહી, શ્રીમાળી, તાંબજ, ભોમચીયા, ભોગલ, મનિહાર, મહેચા, (મહિચ્છા-મૈચા), સાવડિયા, શ્રી શ્રીમાલ, પોમલ.

૬. ***ભારદ્વાજ :*** કટ્ટા, ગોયલ, જાલોરા, જોજવરા, પરમાર, મંડલિક, મૂથા, મંડલિવાલ, મુડાસલા, રાયાપાલા.

૭. ***વત્સ :*** ખાસી, બડગાંવા (વડગામા), બીસા (વીસા), રતનપુરા, રાઠોડ, રિયા, રૂપસી, રામીણા, રુહડા, હેડાઉ.

૮. ***કૌશિક :*** ગેહેલોત (ગેહલોત), ચૌહાણ, છાપરવાલ, જમજોગા, નાથડા, પવાર, પીતલીયા, બરબેડા, બેડસા, સિંહલિયા, હલસિયા, ભાનપુરી.

૯. ***હરિસત :*** ખટોર, દીયા, બુધ્ધભટ્ટી, રાડા, નુનેચા, સરવાડિયા, આમથલીયા, ચામડીયા, બ્રિજલાણી (બીજલાણી).

વર્તમાન સમયમાં ૮૪માંથી ૬૦ અટકો રહી ગઈ છે. આદરણીય શ્રી ધર્મસીંજી ત્રિકાળદર્શી મહાપુરૂષ હતા.

તેઓએ એમની અટક 'બાડમેરા' રાખી હતી. એ વખતે બાડમેર નામનું કોઈ ગામ ન હતું. લોકોએ તેમને પૂછ્યું કે તમે તમારી અટકનું નામકરણ કયા આધારે કર્યું ત્યારે તેઓ જવાબમાં કહ્યું કે મારૂં અહીં ભાગ્ય છે કે તમે બધા મારી બાડ (વાડ) (કાંટાથી રક્ષિત વાડ) એટલે કે ગોત્ર અટક રૂપી વાડ) માં પધારી એક મહાન કાર્ય કર્યું છે. એટલે કે મેં મારી અટક 'બારમેડા' (બાડ એટલે વાઢ અને મેરા - ચારે તરફ) રાખી છે. ભવિષ્યમાં બાડમેરા નામના પ્રસિદ્ધ નગરની સ્થાપના થશે. આ પ્રકારે વિભિન્ન શહેરો, નગરો અને ગામોમાંથી આવેલા મહાનુભાવોના ગોત્રને નીજી સ્થાનના નામથી સંબોધિત કર્યા. જેમકે મંડોર, લાડનું, છાપર, પાલી, મથુરા, જાલોર, જોજાવર, ઝાડોલી, બેડા, ચિતોડ, કુંભ, નાથદ્વારા, ડુંગરપુર, પાલડી, શ્રીમાલનગર (ભીનમાલ, આસોપ, ખેડજેલા, ઈડર, વડગામ, રામસીન, માંડલ, રીયા, નૂન, કોટર આદિવાળાઓને ક્રમશઃ મંડોરા, લાડનુંવાલ, છાપરવાલા, પાલીવાલ, મથુરીયા, જાલોરા, જોજવરા, પાલડીવાલ, શ્રીમાલી, ભીનમાલા, આસોપા, ખજેડીયા, ઈડરીયા, વડગામા, રામીણા, મંડલીક, રીયા, નૂનેચા, કોટરીયા (કોટડીયા) આદિ અટકોથી જાણીતા થયા. થોડા લોકો તત્કાલીન સુપ્રસિધ્ધ રાજા મહારાજા અને ઠાકોરોની જ સ્વર્ણકારી કરતા હતા. જેવા કે રાઠોડ, ચૌહાણ, પરમાર, મહેચા (મેવચા-મેવાસા) હેડા, ભાટી, પંવાર, સિંદલ, દેવાડા, સોલંકી ઘરાનાના નામ પરથી ક્રમશઃ રાઠોડ, ચૌહાણ, પરમાર, મહેચા, પરમાર, હેડાઉ, ભાટી, પવાર, સિંદલીયા, દીયા, સોલંકી નામથી ઓળખાયા. જેમકે ઘણા ભાઈઓ વિભિન્ન ધાતુઓના કારીગર હતા. રૂપા, તાંબા, પિત્તળ, કથીર, લોહનું કામ કરનાર રૂપસી, તાંબેડા, પીતલીયા, કથીરીયા, લોરકાના નામે જાણીતા થયા. શ્રી લોહડજીના પુત્ર જુંઝારજી થયા તે પછી અધિકાંશ ભાટીવંશજ કટ્ટા તરીકે પ્રસિધ્ધ થયા.

એમણે અત્રે ઉલ્લેખિત ગૌત્ર અને અટકો વચ્ચે વેવિશાળ સંબંધો બાંધવા માટેની વ્યવસ્થા ગોઠવી ભગીરથ કાર્ય કર્યું છે.

***પ્રસ્તુત લેખ માટેની પૂરક સામગ્રી***
***"બ્રાહ્મણ સ્વર્ણકાર દર્પણ" જોધપુર (રાજસ્થાન)ના***
***સૌજન્યથી પ્રાપ્ત થયેલ છે.***

*પાના નંબર-૩૫ ઉપર આપેલ*
*"DIFFERENT CITIES"ના જવાબો :*

(1) SIPLICITY, (2) PUBLICITY, (3) VERACITY, (4) VELOCITY, (5) SAGACITY, (6) DUPLICITY, (7) VORACITY, (8) ELECTRICITY, (9) SCARCITY, (10) CAPACITY

# માતા વૈષ્ણોદેવી પ્રવાસ

**દિનેશ સી. પોમલ - અંજાર**

કતરા... માતા વૈષ્ણોદેવી પગપાળા જવા માટેનું તળેટીનું ગામ. કતરા, માતા વૈષ્ણોદેવી, માતા જગદંબાનો એક અવતાર છે અને જમ્મુથી ૫૦ કિ.મી. દૂર ડુંગર પર બિરાજમાન છે.

કતરાથી ૧૨ કિ.મી. ચાલીને જવાતા આ આખો રસ્તો સિમેન્ટ, કોંક્રીટથી બનેલો છે. વચમાં થોડા થોડા અંતરે પાણી પીવા માટેની પરબ બનેલી છે. ત્યાં વિસામો ખાવા માટે આખા રસ્તામાં થોડા થોડા અંતરે મોટા ઓટલા બનાવેલા છે. આ બાર કિલોમીટર પગપાળા તથા ઘોડા, ડોલીથી તથા હેલિકોપ્ટર મારફતે જઈ શકાય છે.

આ પ્રવાસ સ્થળ પર પહોંચવા માટે નજીકનું સ્ટેશન જમ્મુ છે જે રેલ્વે સ્ટેશન તથા બસ સ્ટેશન અને એરપોર્ટની સુવિધા ધરાવે છે. જમ્મુથી કતરા જવા માટે જમ્મુ રેલ્વે સ્ટેશનથી દર દસ મિનિટે બસ સેવા તથા પ્રાઈવેટ નાના વાહનો ઉપલબ્ધ છે. જમ્મુમાં રહેવા માટે માતા વૈષ્ણોદેવી શેરીન બોર્ડ દ્વારા રેલ્વે સ્ટેશનથી માત્ર ૧૦૦ મીટરના અંતરે વૈશ્નોધામ તથા સરસ્વતી ધામ, ડોરમેટરી તથા રૂમની વ્યવસ્થા છે. ત્યાં જમવાની તથા કતરા જવા માટે જે.કે. ટુરીઝમની બસનું બુકીંગ પણ ઉપલબ્ધ છે. ત્યારબાદ કતરામાં પણ વૈષ્નોદેવી શેરીન બોર્ડ તરફથી ઉતારાની વ્યવસ્થા છે.

પગપાળા જતાં રસ્તામાં બાણ-ગંગાથી શરૂઆત થાય છે. પરંતુ, શેરીન બોર્ડ ઓફિસમાં રજીસ્ટ્રેશન કરાવવું બહુ જ જરૂરી છે. ભંડારા તથા નાસ્તા માટે શેરીન બોર્ડ તરફથી રેસ્ટોરન્ટ છે. દિવસ દરમ્યાન ચાલતા તડકો ન લાગે તે માટે રસ્તા પર છાપરા નાખેલા છે. બરાબર ૫ કિ.મી. પર અધકુવારી માતાજી મંદિર આવે છે જ્યાં વિસામાની તથા જમવાની સારી વ્યવસ્થા છે. ત્યાં ફરીથી રજીસ્ટર કરાવવું જરૂરી છે. ત્યારબાદ ઉપર ચડતાં રસ્તામાં ઘણા નાના મંદિરો આવે છે અને છેલ્લે ૧૨ કિ.મી.ને અંતરે માતા વૈષ્નોદેવીનું મંદિર આવે છે. ત્યાં આપણે રજીસ્ટ્રેશન પાવતી બતાવી, નવો નંબર લેવાનો હોય છે. જેને ગ્રુપ નંબર કહેવાય છે અને ત્યાં વિસામામાં બેસીને લાઉડ સ્પીકર દ્વારા એનાઉન્સ થતા ગ્રુપ નંબર મુજબ આપણો ક્રમ આવે ત્યારે અંદર દર્શનની કતારમાં ઊભા રહેવાનું હોય છે. ત્યાં પ્રસાદી વેચાતી મળે છે. માટે નીચેથી એટલે કે તળેટીથી પ્રસાદી સાથે ઉપાડી લાવવાની જરૂર રહેતી નથી. ત્યાં રસ્તામાં સલામતી રક્ષકો દ્વારા થોડે થોડે અંતરે ચેકપોસ્ટ આવે છે, જે ચેકપોસ્ટ પાસ કરવાની હોય છે. મંદિર લગભગ ૨૨ કલાક સુધી ખુલ્લું રહે છે. રાત્રે ૨.૩૦થી ૪.૩૦ દરમ્યાન બંધ રહે છે. દર્શન કરી લીધા પછી ત્યાં પ્રસાદી લેવા માટે Pay પ્રસાદી મળે છે અને ત્યાં જ મંદિરની બાજુમાં શેરીન બોર્ડ દ્વારા સંચાલિત બપોરનું જમણ તથા રાત્રી જમણ તથા રેસ્ટોરન્ટ ૨૪ કલાક ચાલુ રહે છે. આપણી સાથેનો સરસામાન સાચવવા માટે “ક્લોક રૂમ“ની પણ વ્યવસ્થા છે. નિજ મંદિર દર્શનમાં ચામડાની કોઈ વસ્તુ તથા બોલપેન તથા અન્ય ચીજવસ્તુ લઈ જવાની મનાઈ છે.

આ પ્રવાસ માટે જવામાં સૌથી વધારે અનુકૂળ સમય સપ્ટેમ્બરથી ફેબ્રુઆરી સુધીનો છે. ચોમાસામાં કીચડ થતાં લપસી જવાનો તથા શિલા ધસવાનો ભય રહે છે અને શિયાળામાં સખત ઠંડી રહે છે.

માતા વૈષ્નોદેવીના દર્શન કર્યા બાદ ૩ કિ.મી. ઉપર ભૈરવદાદાનું મંદિર છે. એવી માન્યતા છે કે વૈષ્નોદેવીના દર્શન, ભૈરવ દાદાના દર્શન વિના અધૂરી યાત્રા લેખાય છે.

પગપાળા ચાલતા શ્રધ્ધાળુઓને રસ્તામાં ગાઢ જંગલો તથા ઊંડી ખીણના દર્શન થાય છે. કહેવાય છે કે ત્યાં ઘણી બધી વન્ય જડીબુટ્ટી ઉપલબ્ધ છે. અખરોટ તથા બદામ ખરીદવા માટે કતરા તથા જમ્મુ સારામાં સારી જગ્યા છે.

## વાણી અને પાણી

- ✧ વાણી અને પાણીનો નિરર્થક વ્યય ન કરવો.
- ✧ વિના પ્રયોજન બોલવું નહીં.
- ✧ ***શબ્દ સંભાલી બોલિયે, શબ્દ કુ હાથ ન પાંવ;***
  ***એક શબ્દ હૈ ઔષધિ, એક શબ્દ હૈ ઘાવ.***
- ✧ ઉત્તમ ઉપદેશ મૌન છે.
- ✧ હાસ્યમાં પણ અવિવેક ન હોવો જોઈએ. વિવેકયુક્ત વાણી અમૃત છે.
- ✧ ભાવ અને વિચાર અનુરૂપ વાણી નીકળે છે.
- ✧ વાણીમાં સંયમ હોવો જોઈએ.
- ✧ વાણી દ્વારા હિંસાનો ત્યાગ કરીએ.
- ✧ બીજાને આઘાત ન થાય, કઠોર વાણી ન નીકળે એમાં આપણી શોભા છે.
- ✧ સત્ય નિર્ભયપણે, ક્રોધાવેશ વિના અને શાંત વાણી દ્વારા કહેવું.

***પોમલ જીમી રામદાસભાઈ - અંજાર***

# કાવ્ય સેતુ

## શબ્દ

શબ્દ મારે છે, શબ્દ તારે છે,
અને શબ્દ ડુબાડે છે.
શબ્દ હસાવે છે, શબ્દ રડાવે છે,
અને શબ્દ ફસાવે પણ છે.
શબ્દ માથું અપાવે છે,
અને શબ્દ માથું કપાવે છે.
શબ્દ અમૃત છે,
અને શબ્દ વિષ છે.
શબ્દ સાધના છે,
અને શબ્દ વાસના છે.
શબ્દ આગ લગાવે છે,
અને શબ્દ શાતા પણ અપાવે છે.
(તેથી) શબ્દ સાથે રમત ન કરીએ.

**પરમાર પ્રિયા**

## આશિકી

હું તો છું કલમનો આશિક,
આશિકીની આ વાત છે.
આશિકી વગર કંઈ ચાલતું નથી,
આજ તો દિલ્લગીની રાત છે.
દિલના દરવાજે મારી છે દસ્તક કોઈએ,
આ તો કેવી રીતભાત છે?
વિરહ પછી કોઈ પાછું મળશે,
અરે, આ કેવી સોગાત છે.

**- નંદન પોમલ**

## મોકો

મોકો છે જીંદગીમાં તો,
મહેનત કરવા માગું છં.
સૂની હતી આટલા દિવસ,
ઊભી થવા માગું છું.
દેખાય છે દુનિયા આંખોમાં,
તેને મેળવવા માગું છું.
દુનિયાના અનેરા મોકા મેળવવા,
રાત ને દિવસ જાગું છું.
જ્યાં દેખાય છે મારી મહેનતનું ફળ,
ત્યાં ત્યાં હું ભાગું છું.
આશિર્વાદ આપો સફળતાના,
બસ, એટલું જ હું માગું છું.

**શ્વેતા મનોજકુમાર મેવચા - અંજાર**

## હું ચોક્કસ આવીશ

જીવનમાં તમારી જીંદગી બનીને આવીશ
દિલમાં તમારી ધડકન બનીને આવીશ

ભૂલવાની મને તમે કદાપિ ન કરશો ભૂલ
એ ભૂલમાં પણ હું યાદ બનીને આવીશ.

નયનોમાં ન રાખશો એટલી બધી નફરત
એજ નયનોમાં હું અશ્રુ બનીને આવીશ

ભલે તમે રહો મારી નજરોથી દૂર ને દૂર
પણ મિલન માટે ઊંઘમાં હું સ્વપ્ન બનીને આવીશ

રોકવાની સઘળી કોશિષ જશે તમારી વ્યર્થ
દિલમાં તમારા જ્યારે હું તુફાન બનીને આવીશ

નજરોને ક્યાં સુધી રાખશો મારી નજરથી દૂર
એજ નજરોમાં હું નજર બનીને આવીશ

તમે ભલે ન કહો, આવ કે પછી આવજો
પણ હોઠ પર તમારા હું "શ્વાસ" બનીને આવીશ

શ્વાસ છોડી જશે શરીર જ્યારે આ દુનિયા
તુજ હૈયામાં વસી જવા હું ચોક્કસ આવીશ.

**કંસારા રાજુ રવિલાલ - માંડવી**

## શ્રધ્ધાંજલિ

૨૬મી જાન્યુઆરીને ગોઝારી ગણી
શરૂ કરૂં હું મારી વાણી,
મારા ઘરની હું તો રાણી.
ચા પિતા તાં સાથે ભાણી
આંચકો જાણી મેં એને તાણી.
કૂદ્યા અમે ઘરની પાળી,
કુદરતની ક્રૂરતા બહાર જાણી.
ખંખેરવા બેઠો વિશ્વનો ધણી
ધરા શાંત થઈ જ્યારે
થઈ સ્વજનોની સંભારણી
સૂતા સ્વજનો કાયમી સોડ તાણી
ફરી આજે એ દિવસ ગોઝારો જાણી
આવ્યા સૌની આંખમાં પાણી
"શ્રધ્ધાંજલિ" આપતાં આંખ ભીંજાણી
આજે સૌની આંખ ભીંજાણી
"શ્રધ્ધાંજલિ" આપતાં આંખ ભીંજાણી.

**શ્રીમતી પ્રવીણાબેન પ્રકાશભાઈ બારમેડા**
**(ધાણેટીવાળા) - અંજાર**

# મહિલા સેતુ

## કરિયાવર

**પુત્રીને સાસરે વળાવતી વખતે માતાએ શિખામણ રૂપે આપેલ અમૂલ્ય કરિયાવર**

૧. આજ દિવસ સુધી તેં મારી ને તારા પિતાના આજ્ઞા પાળી છે તેવીજ રીતે તારા સાસુ-સસરાની આજ્ઞાનું પાલન કરજે. તેમની સાથે હંમેશા વિનય અને સહનશીલતાથી વર્તજે.

૨. લગ્ન પછી તારા પતિ એ જ તારા સ્વામિ થશે. તેની સાથે સદા નમ્રતાપૂર્વક વર્તજે. પતિની આજ્ઞાનું પાલન કરવું તે સ્ત્રીનો ઉત્તમ ગુણ અને ધર્મ છે. પતિ કાંઈ અયોગ્ય કામ કરે તો ગુસ્સો નહીં કરતા ધીરજ ધરી મૌન રહેજે. જ્યારે તે શાંત થાય ત્યારે નમ્રતાથી ખોટું ન લાગે તે રીતે તેમને સમજાવજે. સાસરીયામાં કોઈની સાથે અણબનાવ કે રીસ કરીશ નહીં. નહિંતર પતિનો પ્રેમ ખોઈ બેસવાનો પ્રસંગ ઉપસ્થિત થશે.

૩. ઘરકામ કરવામાં કદાપી આળસ કરીશ નહીં. તેમજ નાનપ માનીશ નહીં. રસોઈ કરવામાં કાળજી રાખજે જેથી તું દરેકની પ્રીત પ્રાપ્ત કરી શકીશ. કદી જુઠું બોલીશ નહીં. કોઈની પણ સાથે તોછડાઈથી વર્તીશ નહીં. પડોશીઓની નિંદા નહીં કરતા દરેકની સાથે હળીમળીને રહેજે. વડીલોને વિનયથી અને નાનાઓને હેતથી જીતી લેજે.

૪. ઘરના વૈભવ માટે કે તારા પોતાના માટે દેખાદેખી કરીને, તારા પતિ પાસે કરજ કરાવીને તેના ગજા ઉપરાંત ખર્ચ કદી પણ કરાવીશ નહીં. તારૂ ગૃહકાર્ય આવક પ્રમાણે ખર્ચ રાખી સાવધાનીપૂર્વક તેમજ કરકસરથી ચલાવજે.

૫. તારૂં ભાગ્ય તારા હાથમાં હોઈ, જ્યોતિષી કે અન્ય હાથ જોનારાને તારા ભાગ્ય વિશે કદી પૂછીશ નહીં.

૬. બંગડીઓ વગેરે સૌભાગ્યનું ચિન્હ પહેરવાની ઈચ્છા થાય તો ઘરે લાવી-મંગાવી તારા સાસુ અથવા નણંદ પાસે પહેરાવવા પણ બજારમાં કોઈની દુકાન પર પુરૂષને હાથે કદી પહેરીશ નહીં.

૭. કપાળમાં હંમેશા કુમકુમનો ચાંદલો કરજે. એ તારા સૌભાગ્યનું ચિન્હ છે. બહુજ બારીક અને ભભકાદાર કપડા નહીં પહેરતા, લાજ મર્યાદા જળવાય તેવા વસ્ત્રો પહેરજે. આબરૂ શુભ આચરણમાં છે, નહીં કે ઘરેણા અથવા ઠઠરામાં! તે યાદ રાખજે.

૮. ઘરની શોભા ચોખ્ખાઈ જાળવવામાં છે. સ્વચ્છતામાં પ્રભુનો વાસ હોય છે અને તેથી ત્યાં રોગ દુઃખ આવતા નથી, તે હંમેશા યાદ રાખજે. રોજ સવારે વહેલી ઉઠી, શરીર અને મન સ્વચ્છ કરી સદાચારી અને નિયમિત રહી પતિવ્રત ધર્મનું પાલન કરજે. પારકે ઘેર જવાની આદત રાખીશ નહીં.

૯. મિષ્ટ વાચા, એ મહાન વશીકરણ મંત્ર છે. કટુ વચન કદાપિ બોલીશ નહીં. મીઠી વાણી વડે દરેકને જીતી લેજે. જ્ઞાની સદ્‌ગુણી યુવતીઓ તેમજ વયોવૃધ્ધ સ્ત્રીઓ પાસે બેસવું હિતકર્તા છે.

૧૦. સંયમિત જીવન શરીરને નિરોગી રાખી લાંબુ આયુષ્ય બક્ષે છે. તેથી પ્રજા નિરોગી અને તેજસ્વી થાય છે. તો જીવનને જેમ બને તેમ સંયમિત બનાવજે.

૧૧. તારા પિતા ઉચ્ચ અધિકારી કે અમીર હોય તેનો ગર્વ રાખીશ નહીં. તેમજ તારા પતિ સમક્ષ તારા પિતાની શ્રીમંતાઈના વખાણ કદી કરીશ નહીં.

*શ્રીમતી શોભના અને શ્રીમતી જ્યોતિ*
*કોટડીયા પરિવાર - અમદાવાદ*

## मैं कहीं कवि न बन जाऊँ

*दुनिया बडी अजब है,*
*मुझे रास्ता दिखा जा*
*मैं कहीं भटक ना जाऊँ,*
*मुझे थामने तुं आ जा... दुनिया....*

*न कोई मेरा दुश्मन,*
*न किसी का मैं हूँ बैरी,*
*न किसी का द्वेष मन में,*
*न रहे किसी से दूरी*
*मैं तो हर सूरत में देखूं,*
*मुझे तुं ही तुं नजर आ... दुनिया....*


*तेरी प्यार की ये बगीयां*
*हर कली खीले चमन में,*
*मिले आशा की किरन,*
*सुप्रभात हो गगन में,*
*रहे चांदनी सी रति*
*बहे प्रेम की वो धारा... दुनिया....*

*तेरी याद में हो जीवन,*
*जब तक चलती सांसे,*
*तेरे नाम की ये गंगा,*
*बहती रहे सदा से,*
*तेरी कृपा से मन को,*
*मिले शांति और सहारा... दुनिया....*

*सोनी शांताबेन अमृतलाल बारमेडा - अंजार*

# બાળ વિભાગ

## શબ્દ સેતુ




- **આડી ચાવીઓ**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાતનો સૌથી ઊંચો પર્વત | (૪) |
| ૪. | રવિ..., સોમ... | (૨) |
| ૬. | જુનાગઢનો એક રાજા | (૫) |
| ૮. | સિંહ | (૪) |
| ૯. | પત્થરમાંથી.... કામ કરી મૂર્તિ બનાવવામાં આવે છે. | (૩) |
| ૧૦. | પુરૂષ | (૩) |
| ૧૩. | સરસ્વતી..., કુળ... | (૨) |
| ૧૪. | આદિમાનવ નદી કિનારે .... કરતા | (૪) |
| ૧૭. | ભગવાન, ઈશ્વર | (૩) |
| ૧૯. | પ્રથમ, પહેલું | (૩) |
| ૨૦. | પગ રસ્તો | (૪) |
| ૨૨. | દ્વારપાળ | (૪) |
| ૨૩. | પતિ | (૨) |

- **ઊભી ચાવીઓ**

| | | |
|---|---|---|
| ૧. | સોનાનો સિક્કો, લગડી | (૨) |
| ૨. | શ્રીદેવીની એક ફિલ્મ | (૩) |
| ૩. | જેના વડે આપણે સાંભળી શકીએ તે | (૨) |
| ૪. | ભારતનું રાષ્ટ્રીય પ્રાણી | (૨) |
| ૫. | રણ મેદાનમાં જીતેલ | (૪) |
| ૬. | સૌરાષ્ટ્રનું એક શહેર | (૪) |
| ૭. | રાજાનો પ્રધાન | (૩) |
| ૮. | વરસાદના દેવ | (૫) |
| ૧૧. | નદી | (૩) |
| ૧૨. | પ્રાતઃકાળ, ઘોડા માથે ચડેલ વ્યક્તિ | (૩) |
| ૧૫. | કસમ, સોગંદ | (૩) |
| ૧૬. | ગ્લાસ જેવો હાથાવાળો પ્યાલો | (૪) |
| ૧૭. | ચોમાસામાં દેખાતો જીવ | (૩) |
| ૧૮. | પગરખાં, જોડા | (૨) |
| ૨૦. | જેનો હાર બનાવવામાં આવે તે | (૨) |
| ૨૧. | તળાવ કે નદીનો કિનારો | (૨) |

*પ્રેષક : મેવચા શ્વેતા મનોજકુમાર - અંજાર*

## NAME THE DIFFERENT CITIES

(1) THE CITY THAT IS SIMPLE.
(2) THE CITY THAT IS POPULAR.
(3) THE CITY THAT IS TRUTHFUL.
(4) THE CITY THAT IS FAST.
(5) THE CITY THAT IS WISE.
(6) THE CITY THAT IS DECEITFUL.
(7) THE CITY THAT IS GREEDY.
(8) THE CITY THAT GIVES A SHOCK.
(9) THE CITY THAT IS IN WANT.
(10) THE CITY THAT IS WORTHWHILE.

*જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.*

*By : KUNJ KOTADIA - AHMEDABAD.*


## 'જ્ઞાતિ સેતુ' માટે જાહેરાતના ભાવ

| | બ્લેક / વ્હાઈટ | કલર |
|---|---|---|
| ★ છેલ્લું ટાઈટલ | ૧૨૦૦/- | ૨૦૦૦/- |
| ★ અંદરનું બીજું/ત્રીજું ટાઈટલ | ૯૦૦/- | ૧૫૦૦/- |
| ★ આખું પાનું | ૬૦૦/- | ૧૦૦૦/- |
| ★ અડધું પાનું | ૪૦૦/- | ૬૦૦/- |
| ★ ૧/૪ પાનું | ૩૦૦/- | ૪૫૦/- |
| ★ ૧/૮ પાનું | ૨૦૦/- | ૩૦૦/- |
| ★ શુભેચ્છા પટ્ટી | ૧૦૦/- | ૧૫૦/- |

પ્રથમ વખતે ડિઝાઈનીંગ તથા પોઝીટીવ ચાર્જ નીચે મુજબ અલગથી આપવાનો રહેશે.

*કલર જાહેરાત : રૂા. ૫૦૦/-*


*બ્લેક / વ્હાઈટ જાહેરાત : રૂા. ૨૫૦/-*

જાહેર ખબરની રકમ **"શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ"**ના નામે ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ નીચે સરનામે મોકલવા વિનંતી.

**ધવલ જ્વેલર્સ,**
૧૪-ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# QUIZ

***COUNT THE NUMBER OF TRIANGLES***



# HUMANITY

*GOD MADE US DIFFERENT FROM OTHER SPECIES,*
*THE FORM THAT WE CALL HUMAN.*
*BUT WE LOST THE BASE OF OUR FORMATION, IN THE BRUTALITY,*
*THE BASE WE CALL HUMANITY.*
*THE BASE THAT DIFFERENTIATED US FROM BEING ANIMAL*
*THE BASE GIVING US THE ABILITY TO FEEL AND THINK,*
*THEREBY FORMING OUR HEART AND SOUL,*
*BUT WE FAIL TO PERFORM OUR ROLE.*
*THE SIGHT OF A CITY TURNED TO PANIC DUE TO RIOTS.*
*KILLING THE INNOCENT,*
*KILLING THE MOTHER WHOSE CHILDREN WANT HER THE MOST,*
*KILLING THE SON WHOSE MOTHER LOVED HIM A LOT,*
*KILLING THE BROTHER WHOSE SISTER USED TO TIE HIM A KNOT,*
*KILLING THE HUSBAND WHO WAS HIS WIFE'S ONLY HOPE,*
*KILLING OURSELVES, KILLING OUR FAITH,*
*KILLING THE PREACHING'S OF RELIGION WE IDOLISE*
*BY PUTTING US IN A DILEMMA, ARE WE STILL CIVILISED?*
*IN THE PLACE WHERE THE LAW FAILED TO PROTECT THE PEOPLE,*
*WHERE THE SPIRITUAL LEADERS FAILED TO UPHOLD HUMANITY*
*WHERE SOCIETY FAILED TO SUSTAIN THE DIGNITY,*
*WHERE WE ALL FAILED IN THE TEST OF MORALITY*
*STILL WE CAN CHANGE; WE CAN MAKE OURSELVES BETTER,*
*STILL WE CAN MAKE OUR SPIRITS GLITTER,*
*STILL WE CAN CHANGE OUR ATTITUDE,*
*BY JUDGING THE PEOPLE NOT BY RELIGION,*
*BUT BY APTITUDE,*
*BY REMEMBERING THAT GOD IS ONE*
*AND RELIGION IS THE SOURCE OF LIVING,*
*AND NOT FOR KILLING,*
*BY REMEMBERING THAT INDIA'S UNITY LIES IN DIVERSITY*
*BY BELIEVING, NO BENEFACTION LIES IN EXCHANGING THE BLOWS,*
*BUT ONLY DIFFERENCE LIES IS, ONE SUFFERS MORE THAN THE OTHER;*
*SO LET US HOLD OUR HANDS TOGETHER THIS REPUBLIC,*
*TO ENLIGHTEN OUR SOCIETY AND TO MAKE IT BETTER,*
*BY NOT FALLING INTO THE HANDS OF FILTHY*
*POLITICIANS OR EGOCENTRIC FUNDAMENTALISTS,*
*LET US MAKE OUR CITY, OUR COUNTRY THE SAME*
*AS IT WAS BEFORE,*
*WHERE EVERY NATIVE CAN SAY AGAIN,*
*WHOLE HEARTEDLY,*
***SAREY JAHAN SE ACCHA HINDUSTAN HAMARA.....***

***By : AROHI R. KOTADIA - AHMEDABAD.***

## ગુરૂ વંદના

❖ ગુરૂ કંઈ ટોર્ચ તો છે નહીં કે બટન દબાવો અને પ્રકાશ થાય.

❖ મારો એ સિધ્ધાંત છે કે અપાત્રને દાન દેવા કરતાં તો બહેતર છે કે સાથે લઈને મરવું.

❖ પ્રીતિ બહુત સંસારમેં, નાના વિધિકી સોય,
ઉત્તમ પ્રીતિ જાનીએ, જો સદગુરૂસે હોય.

❖ ગુરૂદેવ માર્ગદર્શક તો છે જ... સદૈવ રક્ષક પણ છે જ.

❖ "ગુરૂ ગોવિંદ દોનો ખડે, કાકે લાગુ પાય,
બલિહારી ગુરૂ દેવકી, જિન્હેં ગોવિંદ દિયો દિખાય."

***સંકલન અને પ્રેષક : પોમલ હની રામદાસભાઈ - અંજાર***

# પત્ર સેતુ

માનનીય તંત્રીશ્રી, આ વખતનો દીપોત્સવી અંક વાંચીને મને ખૂબ જ ખુશી થઈ. મેં જોયું કે તમે 'બાળ વિભાગ'માં બે બાળકોના ફોટોગ્રાફ છાપ્યા છે. તે બે બાળકોને જાણતી હોવાથી તેમના નામ આપું છું.

પ્રથમ ફોટોગ્રાફ : રાહુલ જયેશભાઈ હેડાઉ (અંજાર)

દ્વિતીય ફોટોગ્રાફ : રોહન મહેન્દ્રભાઈ છત્રાળા (અંજાર)

*શિવાંગી મહેન્દ્રભાઈ સોની - અંજાર*

*ધન્યવાદ શિવાંગી. આપના માટે ભેટ મોકલાવેલ છે.*

*- મુખ્ય તંત્રી*

શુભેચ્છા સહ જણાવવાનું કે આપશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ મેગેઝીન 'સેતુ' ખૂબ જ સારૂં મેગેઝીન છે કારણકે આ મેગેઝીન દ્વારા આપણી જ્ઞાતિના લોકો એકબીજાને સરળતાથી ઓળખી શકે છે તેમજ લોકો પોતાની કલાકૃતિ પ્રકાશિત કરી શકે છે. આવી જ કૃતિ મેં પણ લખેલી છે જે 'સેતુ'ના આવતા અંકમાં પ્રકાશિત કરવા વિનંતી છે.

*શ્વેતા મનોજકુમાર મેવચા - અંજાર*

એકમેકને ઓળખવાનો સેતુ દીપોત્સવી અંક વાંચ્યો. ઘણો જ સારો છે.

શરદ મહોત્સવ વિશેનો લેખ ઘણો જ સારો છે તથા શરદ મહોત્સવ માટે તેઓની મહેનત પણ સારી છે.

વ્યક્તિ વિશેષ તરીકે શ્રી હરીભાઈનો લેખ તથા જીવન ચરિત્ર ઘણું જ સારૂં છે.

કટ્ટા કુટુંબનો લેખ પણ સારો છે તથા પ્રવાસ લેખ શ્રી શૈલેષભાઈનો અનુભવ સારો છે. એકંદરે આખો અંક સારો છે.

આ સાથે મેં કરેલ પ્રવાસની થોડી વિગત મોકલી રહ્યો છું. હું વ્યવસાયે ટુર એન્ડ ટ્રાવેલ્સ સાથે જોડાયેલો છું અને ખાસ કરીને ઉત્તર ભારતના પ્રવાસો યોજું છું અને વ્યવસ્થાપક તરીકે સાથે જ જાઉં છું. ૨૦૦૧થી આ વ્સવસાય સાથે સંકળાયો છું. ત્યારથી અત્યાર સુધી લગભગ ૭ વખત અમરનાથજી તથા ૧૦ વખત જમ્મુ એન્ડ કાશ્મીરની સેર કરેલ છે. બાબા અમરનાથ તથા કાશ્મીર ટુર વિશેનો લેખ મોકલતા રહેલા તમારી અનુમતિ જરૂરી છે.

*દિનેશ સી. પોમલ - અંજાર*

સાદર જણાવવાનું કે આપણા સમાજની પત્રિકા "સેતુ" કચ્છમાં દિન-પ્રતિદિન સારી ચાહના મેળવી રહ્યું છે. જે આપશ્રીની તથા અન્ય વ્યવસ્થાપક સદસ્યોની અથાક મહેનતનું ફળ છે. સેતુ ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે અને જ્ઞાતિને શક્ય હોય તેટલી વધારે મદદરૂપ થઈ શકે તેવી અભિલાષા અને શુભેચ્છા સહ મેં વાર્ષિક લવાજમ મોકલેલ છે પરંતુ મને રેગ્યુલર અંકો મળતા નથી. તો મારી વિનંતી છે કે ઉપરોક્ત સરનામે પોસ્ટ દ્વારા મને અંકો મળતા રહે તો હું આપનો આભારી થઈશ. પ્રસ્તુત પત્ર સાથે એક લેખ "શ્રી મારૂ કંસારા બ્રાહ્મણ સુવર્ણકાર ઉત્પત્તિ"નો એક માહિતીસભર લેખ મોકલેલ છે, જે આપણા અંકમાં પ્રસિધ્ધ થાય તેવી મારી ઈચ્છા છે. તો આવતા અંકમાં શક્ય હોય તો પ્રસિધ્ધ કરવા કૃપા કરશો.

આપશ્રીની જાણ ખાતર જણાવવાનું કે મને કચ્છના પરંપરાગત સોના-ચાંદીના આભૂષણ માટે બે વખત રાષ્ટ્રીય પારિતોષિક અને બે વખત રાજ્ય સરકારના પારિતોષિક મળેલ છે. આ સિવાય હસ્તકલાના પ્રદર્શનોમાં મેં ભારત સરકાર વતી દેશ-વિદેશમાં ભાગ લીધેલ છે. ઉપરોક્ત પારિતોષિક હજુ સુધી આપણી જ્ઞાતિમાં કોઈને મળેલ નથી. આપણી જ્ઞાતિ વિશે વડીલો દ્વારા સાંભળેલું, પુસ્તકોમાં વાંચેલું તેમજ રાજસ્થાનમાં રૂબરૂ મુલાકાત લઈ જ્ઞાતિ વિશે મેં જે સંશોધન કરેલું છે તેનું પ્રસ્તુત લેખમાં સંપૂર્ણ સાર છે. આ સિવાયની ઘણી જ માહિતીસભર આપી જ્ઞાતિ અને કલા-કારીગરીની માહિતી મારી પાસે છે, જે ક્રમશઃ આપતો રહીશ. આભાર.

*જયેશ ટી. સોની - સામત્રા (તા. ભુજ)*

*આપના અભ્યાસપૂર્ણ લેખ બદલ આભાર. આગામી અંકમાં એનો યોગ્ય રીતે સમાવેશ કરીશું. દરમ્યાનમાં એને લગતી કોઈ તસવીરો આપની પાસે હોય તો મોકલશો જેથી લેખ વધુ રૂચિપૂર્ણ લાગે. વધુમાં આપને વિનંતી કે જ્યાં જ્યાં આપે કોઈ reference quote કર્યા હોય ત્યાં તેનો સંદર્ભ આપ્યો હોય તો ભવિષ્યમાં આપનો લેખ દસ્તાવેજી આધારભૂત બને તો એની સંદર્ભસૂચિ હોય તો મોકલવા કૃપા કરશો.*

*- મુખ્ય તંત્રી*

## અભિનંદન



**નિશીત એચ. સોની**એ "વર્લ્ડ ફુનાકોશી શોટોકન કરાટે ઓર્ગેનાઈઝેશન" દ્વારા તાજેતરમાં યોજાયેલ ૧૬મી વાર્ષિક નેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં "કાટા" ઈવેન્ટ (૧૨-૧૩ વર્ષની વય જૂથ)માં ગોલ્ડ મેડલ મેળવેલ છે.

# "સેતુ"ના નવા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

૧. શ્રી સોની મુકુંદરાય ધનજી - માનકુવા
૨. શ્રી સોની હરીશકુમાર હરિલાલ - મુંબઈ
૩. મે. હિમેશ જ્વેલર્સ - રાયપુર
૪. શ્રી જયંતીલાલ ઈંદરજી સોની - ભુજ
૫. શ્રી અરૂણકુમાર ભીમજીભાઈ સોની - માધાપર
૬. શ્રી મહેન્દ્રકુમાર કાંતિલાલ બારમેડા - માધાપર
૭. શ્રી ગંગારામ કાનજી સક્કરીયા - અંજાર
૮. શ્રીમતી વિશ્રામ બુધ્ધભટ્ટી - મોટી વિરાણી
૯. શ્રી જયેશ ડુંગરશી સોની - મોટી વિરાણી
૧૦. શ્રી મોહનલાલ નારાણદાસ બારમેડા - કોટડી
૧૧. શ્રી હરીરામ બેચરદાસ કટ્ટા - દેશલપર (વાંઢાય)
૧૨. શ્રી વ્રજલાલ બાબુલાલ સોલંકી - ભુજ
૧૩. શ્રી જેન્તીલાલ શીવજી સોની - ભુજ
૧૪. મે. નરનારાયણ જ્વેલર્સ - નડિયાદ
૧૫. શ્રી નરેન્દ્ર માવજી બુધ્ધભટ્ટી - ભુજ
૧૬. શ્રી શાંતિલાલ કેશવજી સોની - વડાલી
૧૭. શ્રી રાજેશ કાંતિલાલ સોની - બાયડ
૧૮. શ્રી ચંદ્રકાંત સી. પરમાર - વડોદરા
૧૯. શ્રી ભાઈલાલ કલ્યાણજી સોની - નખત્રાણા
૨૦. શ્રી પરષોત્તમ તુલસીદાસ સોની - નખત્રાણા
૨૧. શ્રી પ્રકાશ મોહનલાલ સોની - મોટી વિરાણી
૨૨. શ્રી ભરત શંભુલાલ કટ્ટા - ભારાસર
૨૩. શ્રી જયેશ બાબુલાલ પોમલ - રાયપુર
૨૪. શ્રી રસીકલાલ છગનલાલ પોમલ - રાયપુર
૨૫. શ્રી પ્રભુલાલ રતિલાલ પોમલ - દુર્ગ
૨૬. શ્રી મગનલાલ વલમજીભાઈ બારમેડા - રાયપુર
૨૭. શ્રી નરોત્તમ પ્રાગજીભાઈ બીજલાણી - રાયપુર
૨૮. શ્રી નરભેરામ નાનાલાલ બુધ્ધભટ્ટી - રાયપુર
૨૯. શ્રી કિશોરચંદ્ર ગોપાલજી કટ્ટા - રાયપુર
૩૦. શ્રી દિલીપભાઈ મુળજીભાઈ મૈચા - રાયપુર
૩૧. શ્રી યોગેશકુમાર નાનાલાલ બુધ્ધભટ્ટી - રાયપુર
૩૨. શ્રી ભરતકુમાર નરશીભાઈ મૈચા - રાયપુર
૩૩. શ્રી મનીષકુમાર કાંતિલાલ બારમેડા - રાયપુર
૩૪. શ્રી ભગવાનદાસ નારાયણજી બારમેડા - રાયપુર
૩૫. શ્રી પ્રકાશકુમાર ભગતલાલ બારમેડા - રાયપુર
૩૬. શ્રી અનિલકુમાર જમનાદાસ મૈચા - રાયપુર
૩૭. શ્રી રસીકલાલ કાનજી પોમલ - ઝારસુગડા (ઓરીસ્સા)

*આ ઉપરાંત ગાંધીધામ - આદિપુરના નવા નોંધાયેલ ૩૦ સભ્યોના નામો આવતા અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.*

## "જ્ઞાતિ સેતુ"ના માનદ્ પ્રતિનિધિઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી હેમેન્દ્રભાઈ કટ્ટા | અંજાર | મો. ૯૮૭૯૧ ૯૪૩૩૪ |
| ૨. | શ્રી અનિલ એસ. સોની | અંજાર | મો. ૯૮૨૪૨ ૮૫૨૧૦ |
| ૩. | શ્રી કમલેશ પી. પોમલ | ભુજ | મો. ૯૮૭૯૩ ૬૦૨૦૫ |
| ૪. | શ્રી ખીમજીભાઈ હંસરાજભાઈ સોની | નખત્રાણા | ફોન : (૦૨૮૩૪) ૨૨૩૮૪૨ |
| ૫. | શ્રી પ્રકાશ ભગતલાલ બારમેડા | રાયપુર | મો. ૯૮૨૬૩ ૦૮૨૦૮ |
| ૬. | શ્રી જેન્તીલાલ સક્કરીયા | મુંબઈ | મો. ૯૩૨૩૧ ૩૮૬૫૨ |
| ૭. | શ્રી લક્ષ્મીદાસ પી. સક્કરીયા | ભુજ | ફોન : ૦૨૮૩૨-૨૬૦૪૪૪ |
| ૮. | શ્રી ગૌતમભાઈ ગોવિંદભાઈ સોની | ભુજ | મો. ૯૯૨૫૩ ૧૧૮૫૩ |
| ૯. | શ્રી અનિલભાઈ વિઠ્ઠલભાઈ સોની | ભુજ | ફોન : (૦૨૮૩૨) ૫૭૦૨૨૧ |
| ૧૦. | શ્રી વિજયભાઈ મેઘજીભાઈ બુધ્ધભટ્ટી (રૂલપ્રેસવાળા) | ભુજ | મો. ૯૮૭૯૩ ૮૮૯૨૨ |
| ૧૧. | શ્રી હિતેશ મનસુખલાલ સોની | માધાપર | મો. ૯૪૨૬૯ ૦૩૬૯૩ |

*"જ્ઞાતિ સેતુ"ના સભ્યપદ માટે તથા જાહેરાત આપવા માટે ઉપરોક્ત માનદ્ પ્રતિનિધિઓનો સંપર્ક કરવા વિનંતી.*

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Thakersey Kansara. Price : Rs. 20.00

Published at

Published at

Printed at

Printed at